# આધુનિકતા અને ભારતનું બંધારણ

●

: લેખન :

**ગિરીશ પટેલ**

●

: પ્રકાશન :

**'દર્શન'**

અમદાવાદ

**AADHUNIKTA ANE BHARATNU BANDHARAN**
(Modernity And Indian Constitution)
'AADHUNIKTA NI KHOJMAN' booklet -2

by Girish Patel

© Girish Patel

**આવૃત્તિ- 1**

**નકલ : 750**

**સહયોગ રાશિ :**

| | | |
|---|---|---|
| વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકર્તાઓ માટે | : | Rs. 30.00 |
| અન્ય માટે | : | Rs. 75.00 |
| કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ | : | કે. શ્રીનિવાસ. |
| લે-આઉટ | : | ઈશ્વરભાઈ પ્રજાપતિ |
| મુદ્રક | : | સત્યમ્ પ્રિન્ટ, નરોડા |

**પ્રકાશક-વિતરક** : **'દર્શન'**, 19-બી, વિશ્વનગર સોસાયટી,
વિશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક,
અમદાવાદ-380051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : **darshan.org@gmail.com**

# અમે આભારી છીએ...

- 'દર્શન' દ્વારા આયોજીત 'આધુનિકતાની ખોજમાં' વિચાર-વિમર્શ સભાઓમાં સહભાગી થયેલ સૌ સાથીઓના તથા તેમાં રજૂઆત કરનાર -પ્રો. મધુસૂધન બક્ષી, પ્રો. ગણેશ દેવી, પ્રો. ખાખા, ડો. તૃપ્તિ શાહ, ડો. સુધા વાસન, સુશ્રી. ગેબ્રિયેલ ડિટ્રીચ, બિ. સુભાષ ગાતાડે, બિ. આનંદ તેલતુંબડે, ડો. મિલિંદ બોકીલ, શ્રી. અચ્યુત યાજ્ઞિક, ડો. રવિ સિંહા, ડો. સંજય કુમાર, બિ. ભાર્ગવ, બિ. અલ્તાફ, બિ. શ્રીનિવાસ રાવ, ડો. ઉમાશંકર તિવારી, બિ. ઈશ્વર પ્રજાપતિ, બિ. અંજલી સિન્હા, પ્રો. માધવી, સુશ્રી. પર્સીસ જીનવાલા પ્રો. દિનેશ શુક્લ, શ્રી. પ્રકાશ ન. શાહ, ફા. પી.ડી. મેથ્યૂ, ફા. સબાસ્ટીયન વાઝાપલ્લી, શ્રી. ઈરફાન એન્જીનીયર, શ્રી મિહિર દેસાઈ, શ્રી આનંદ યાજ્ઞિક, પ્રો. યોગેન્દ્ર માંકડ.
- નિયતિ ગાંધી, શિરિન રત્નોત્તર, કે.શ્રીનિવાસ અને ભૂમિકાબેન સોલંકી.

**આ પુસ્તક માટે આર્થિક સહયોગ આપનાર :**

- Mensen met een Missie
- Tejender Singh Memorial Trust.

# અનુક્રમ

| | | |
|---|---|---|
| **પ્રસ્તાવના** | | 5 |
| પ્રકરણ - 1 | આધુનિકતાની ઐતિહાસિક ભૂમિકા | 7 |
| પ્રકરણ- 2 | ભારતના બંધારણની ઐતિહાસિક ભૂમિકા | 10 |
| પ્રકરણ- 3 | ભારતનું બંધારણ અને તેના આદર્શો | 13 |
| પ્રકરણ- 4 | નાગરિકના મૂળભૂત અધિકારો માટેની બંધારણીય જોગવાઈઓ | 18 |
| પ્રકરણ- 5 | ભારતના બંધારણની વિવાદાસ્પદ બાબતો | 26 |
| પ્રકરણ- 6 | સમાપન | 42 |
| પરિશિષ્ટ - 1 | બંધારણની કેન્દ્રીય સમિતિનાં સભ્યોનો ટૂંક પરિચય | 46 |
| પરિશિષ્ટ - 2 | બંધારણ સભાની મહત્વની સમિતિઓ તથા તેના અધ્યક્ષોની સૂચિ | 53 |
| પરિશિષ્ટ - 3 | પ્રાંત / રાજ્યવાર બંધારણ સભાના સભ્યોની સૂચિ | 55 |





# "આધુનિકતાની ખોજમાં"

## પ્રસ્તાવના

આપણી આસપાસના આજના સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ ઉપર નજર નાંખીએ તો શું દેખાય છે? એ જ સદીઓ પુરાણી પરંપરાઓ અને વિધિવિધાનો, કહેવાતી આધુનિકતાનો વેશ ધારણ કરીને ઘોંઘાટતાં રહે છે. જ્ઞાતિગત ભેદભાવો, સ્ત્રી-પુરૂષ અસમાનતાઓ અને કટ્ટર બનતી જતી સાંપ્રદાયિકતા પણ જાણે સમાજને કોઠે પડવા માંડી છે. આધુનિકતાએ આપણને આપેલો રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો ખ્યાલ પણ હવે તો હિંસક બની રહ્યો છે. તો વળી બીજી તરફ આર્થિક વિકાસનો વર્તમાન ખ્યાલ ગરીબ અને મધ્યમવર્ગના ગળે ગાળિયો બનીને ભીંસાઇ રહ્યો છે. ગામડાં ગૂંગળાઇ રહ્યાં છે, ગળચાઇ રહ્યાં છે. નગરો શહેરો બની રહ્યાં છે અને શહેરો મેગાસીટી, મેટ્રોઝ બની રહ્યાં છે. રોજ-બ-રોજ બજારમાં ઠલવાઇ રહ્યાં છે —અદ્યતન ટેક્નોલોજી ધરાવતાં રિમોટ્સ, સેલફોન્સ, આઇ પેડ્સ અને કૈં કેટલાંયે સાધન-સરંજામો. આપણે આજની આ વિરોધાભાસી જિંદગીને અને આપણા આ યુગને 'આધુનિક' કહીએ છીએ.

શું આજનો આ વાસ્તવ ખરેખર આધુનિક છે? આધુનિકતા એટલે શું? છેલ્લાં છસ્સો વર્ષથી માનવી આધુનિકતા માટે મથામણો, સંઘર્ષો કરતો આવ્યો છે. એ સંઘર્ષોમાંથી એણે ઘણું હાંસલ પણ કર્યું છે. સામંતી અર્થવ્યવસ્થાને બદલે મૂડીવાદી અર્થવ્યવસ્થા, રાજાશાહીને બદલે પ્રજાતાંત્રિક રાજ્ય વ્યવસ્થા, રજવાડાંને બદલે રાષ્ટ્ર વિશેનો ખ્યાલ, ધર્મ આધારિત જીવનને અને સમાજને બદલે ક્રમશઃ વિજ્ઞાન આધારિત જીવન અને સમાજ ભણી આગળ વધતો માનવી. પરંપરાગત જ્ઞાતિઆધારિત, ધર્મ-સંપ્રદાયઆધારિત મંડળો-સમુદાયોને બદલે વિચારો, પ્રવૃત્તિઓ અને વ્યવસાયો આધારિત મંડળો, એસોસિએશનો, ટ્રેડ યૂનિયનો, ક્લબો જેવાં

અદ્યતન સમુદાયો રચતો થયેલો માનવી. સાર્વજનિક અને વિજ્ઞાન આધારિત શિક્ષણ મેળવતો થયેલો માનવી. આ અને આવું ઘણુબધું આધુનિકતા માટેની સફર દરમ્યાન માનવીએ, એટલે કે આપણે અને માનવસમાજે હાંસલ તો કર્યું છે. અને આમ છતાંયે શરૂઆતમાં જેની વાત કરી એવો વિરોધાભાસી વાસ્તવ- સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ કેમ? અને એથીયે મોટો અને ગંભીર સવાલ તો એ કે એ પરિવેશ સામેનો આપણો અવાજ, આપણા સવાલો ક્યાં?

આધુનિકતા માટેની સફરમાં ક્યાં ચૂક કરી છે આપણે? શું ચૂક કરી છે આપણે? આજે એ તપાસ આપણે માટે અનિવાર્ય બની ગઇ હોય એવું નથી લાગતું? એ તપાસ માટે આપણે ફરીથી યાદ કરવું પડશે, સમજવું પડશે —આધુનિકતા એટલે શું? આધુનિકતાનાં પાયાગત મૂલ્યો અને માપદંડો ક્યા? આધુનિક માનવ સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક સામુદાયિક-સામાજિક સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક જીવનશૈલી કોને કહેવાય? વિજ્ઞાન અને પ્રકૃતિ વચ્ચેનો આધુનિક સંબંધ કેવો હોઇ શકે? આધુનિક પ્રજાતંત્ર એટલે કેવું પ્રજાતંત્ર? આધુનિકતામાં બજારની ભૂમિકા શું અને કેટલી? અને સૌથી મહત્વનો સવાલ તો એ તપાસવો પડશે કે, માનવસમાજને અમીર-ગરીબમાં વહેંચતી મૂડીવાદી અર્થવ્યવસ્થાઓ અને પ્રતીકાત્મક પૂરવાર થઇ રહેલી વર્તમાન પ્રજાતાંત્રિક રાજ્યવ્યવસ્થાઓ આપણને સાર્થક આધુનિકતા સુધી પહોંચવા દેશે?

આ પુસ્તિકા શ્રેણી પાછળનો અમારો ઉદ્દેશ આવા સવાલોને સમજવાનો-તપાસવાનો છે. ‘દર્શન’ સાંસ્કૃતિક પરિવર્તન માટે પ્રતિબદ્ધ સંગઠન છે; એથી અમારી આવી તપાસ અમારી ફરજ પણ છે. અમે શરૂઆત કરી રહ્યાં છીએ. આશા છે, આપ પણ અમારી સાથે જોડાશો.

**હિરેન ગાંધી - ડૉ. સરૂપ ધ્રુવ**





## પ્રકરણ - 1

# આધુનિકતાની ઐતિહાસિક ભૂમિકા

સોળ, સત્તર અને અઢારમી સદીમાં નવજાગૃતિ (રેનેસાં), ધર્મસુધારણા (રિફોર્મેશન), વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ, તેના પરિણામે ઔદ્યોગિક ક્રાંતિ, નવી દુનિયાની શોધ અને દરિયાઇ સાહસો. રાજ્ય-રાષ્ટ્રનો જન્મ. મધ્યમવર્ગનો ઉદય અને આ બધાને પરિણામે અમેરિકન અને ફ્રેંચ ક્રાંતિ. મધ્યયુગનો અંધકાર. સામંતશાહી સમાજ અને પોપના ધાર્મિક આધિપત્યમાંથી યૂરોપીય દેશોને મુક્તિ- અને આધુનિક યુગનો આરંભ થયો. આ સદીઓ દરમિયાન જે નવા વિચારો અને મૂલ્યો વિકસ્યાં તે બુદ્ધિનિષ્ઠા (રેશનાલિટિ), વૈજ્ઞાનિક અભિગમ, સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, ધર્મનિરપેક્ષ રાજ્ય, લોકશાહી, કાયદાનું શાસન અને માનવીય ગૌરવ.

આ તમામને કારણે અમેરિકા અને યૂરોપીય રાજ્યોમાં આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તનો થયાં. સાથે સાથે બે વિશ્વયુદ્ધો, વિનાશકારી શસ્ત્રો, મૂડીવાદ અને સંસ્થાનોનો પણ જન્મ થયો. 1945માં બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો ત્યાર પછી બે મહત્વનાં બનાવો બન્યાં. એક - વિશ્વમાં કાયમ માટે યુદ્ધને નાબૂદ કરવા માટે ‘સંયુક્ત રાષ્ટ્ર સંઘ’ (યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન)-યુનો- નો જન્મ થયો. અને સાથે સાથે વિશ્વભરમાં માનવ અધિકારોનો સ્વીકાર થયો. 1948માં વૈશ્વિક

માનવ અધિકારોની ઘોષણા થઇ; જેને 'યુનિવર્સલ ડેક્લેરેશન્સ ઑફ હ્યુમનરાઇટ્સ' તરીકે ઓળખવામાં આવે છે. ત્યારબાદ, આંતર્રાષ્ટ્રીય માનવ અધિકારોનો કાયદો વિકસ્યો. આ કાયદામાં રાજકીય, નાગરિક, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોને માન્યતા આપવામાં આવી. આ અધિકારો આધુનિકતાના મહત્વનાં અંગ છે; જેનો મૂળભૂત પાયો છે - માનવીય ગૌરવ અથવા ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર અને એને માટે આવશ્યક બીજા અધિકારો.

બીજો મહત્વનો બનાવ એ બન્યો કે, યૂરોપીય રાજ્યોએ એશિયા અને આફ્રિકામાં સ્થાપેલ સંસ્થાનો પરની પકડ છોડવી પડી. એક પછી એક સંસ્થાનો સ્વતંત્ર થયાં. સ્વતંત્ર થયેલ રાજ્યોનો ઈતિહાસ માત્ર કોરી પાટી જેવો ન હતો. તેમાંનાં ઘણાંખરાં રાજ્યો પાસે પોતાનો લાંબો ઈતિહાસ, સંસ્કૃતિ અને સમાજ વ્યવસ્થા હતાં. અલબત્ત, આર્થિક રીતે તેઓ ગરીબ અથવા પછાત હતાં. એની પાછળ અનેક ઐતિહાસિક કારણો જવાબદાર હતાં; પરંતુ મુખ્યત્વે તો સાંસ્થાનિક ગુલામીને કારણે તેમની સ્વતંત્રતા અને વિકાસ રૂંધાયેલ હતા.

આઝાદી પછી આ રાજ્યો સમક્ષ પ્રશ્ન એ ઊભો થયો કે, પોતાનો વિકાસ અને પ્રગતિ કઇ રીતે કરવી? યૂરોપ, અમેરિકાની પશ્ચિમી ઢબે કે પછી પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓ મુજબ? આમ, આ રાજ્યોમાં આધુનિકતા (મોડર્નિટિ) અને પરંપરાઓ (ટ્રેડિશન્સ) વચ્ચે વિવાદ શરૂ થયો. અલબત્ત, આ રાજ્યોએ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો તો સ્વીકાર કર્યો, પરંતુ તેની પાછળ રહેલાં મૂલ્યો અને આધુનિકતાનાં બીજાં કેટલાંક મૂલ્યોનો સ્વીકાર ના કર્યો. પરિણામે સંકુચિત રાષ્ટ્રવાદ, સરમુખત્યારશાહી, અથવા વિકૃત લોકશાહી, નાગરિક અને રાજકીય અધિકારો ઉપર નિયંત્રણો, આર્થિક અને સામાજિક ન્યાય પ્રત્યે બેદરકારી, ધાર્મિક તથા વંશીય ધિક્કાર અને હિંસાની પરિસ્થિતિઓ ખડી થઇ અને





એ પરિસ્થિતિઓની પકડ મજબૂત થતી ગઇ. આમ બનવા પાછળ પશ્ચિમનાં કેટલાંક રાજ્યોએ પણ ભાગ ભજવ્યો.

આજે યૂરોપ અને અમેરિકામાં મૂડીવાદી વૈશ્વિકરણ વિકસ્યું છે અને તેના પરિણામે આર્થિક કટોકટી, વધતી જતી ગરીબી અને અસમાનતા, વેરણછેરણ થતું સામાજિક જીવન, તેમજ અમર્યાદિત ભોગવટા જેવાં અનિષ્ટો પેદા થયાં. આ સ્થિતિમાં - ખોખલી અને ઉપરછલ્લી સામાજિક આર્થિક વ્યવસ્થા અને સાંસ્કૃતિક શૂન્યતાના વિરોધરૂપે નવા સ્વતંત્ર થયેલાં રાજ્યોમાં ધાર્મિક રૂઢિવાદ (રિલિજીયસ ફંડામેન્ટાલિઝમ)નો ફેલાવો થયો. પરિણામે આજે દુનિયામાં બે પ્રકારના રૂઢિવાદ (ફંડામેન્ટાલિઝમ) - મુક્તબજારનો આતંકવાદ અને ધાર્મિક આતંકવાદ વચ્ચે ઘર્ષણ પેદા થયું.

## પ્રકરણ - 2

# ભારતના બંધારણની ઐતિહાસિક ભૂમિકા

ભારત આઝાદ થયું ત્યારે પણ અગાઉ જણાવ્યા મુજબનો આધુનિકતા અને પરંપરાઓ વચ્ચેનો વિવાદ ઊભો થયો હતો. પરંતુ ભારતની આઝાદીની લડત દરમિયાન કેટલાંક આધુનિક મૂલ્યો, જેવાં કે -સ્વતંત્રતા, ગરીબી નાબૂદી, નાત-જાતના ભેદભાવોનો નાશ વગેરે સ્વીકારાઇ ચૂક્યાં હતાં. જો કે, સાથે સાથે હિન્દુ સંસ્કૃતિ અને હિન્દુ ઈતિહાસ ઉપર ભાર મૂકવાવાળા પણ કેટલાંક સમૂહો હતા. ભારત 1947માં આઝાદ થયું અને તેને પોતાનું આગવું બંધારણ બનાવવાની સ્વતંત્રતા મળી. 1947 થી 1950 વચ્ચે આ બંધારણ વિશે ચર્ચાઓ ચાલી. નવા રાષ્ટ્રના મૂળમાં ક્યાં મૂલ્યો હોવાં જોઈએ તે અંગે, ઘણી વિચારધારાઓ વચ્ચે લાંબા વિવાદો ચાલ્યાં. જવાહરલાલ નહેરૂએ ભારત વિશેના બે પ્રશ્નો એક અમેરિકન પત્રકાર સમક્ષ સરસ રીતે રજૂ કર્યા હતા. એક તો, નાત-જાત, ધર્મ અને શોષણ-આધિપત્યવાળા અને ઊંચ-નીચની વર્ણવ્યવસ્થાવાળા દેશમાં સાચી લોકશાહી કેવી રીતે સ્થાપવી? અને બીજો એ કે, અનેક ધર્મો વચ્ચે વહેંચાયેલા અને જીવનના દરેક પાસા સાથે જોડાયેલી ધાર્મિકતાવાળા દેશમાં ધર્મનિરપેક્ષ રાજ્ય કેવી રીતે સ્થાપવું?

ભારતનું રાષ્ટ્ર એક કોરી સ્લેટ જેવું ન હતું. હજારો વર્ષ જૂની સંસ્કૃતિ, સામાજિક વ્યવસ્થા, રીતરિવાજો અને પરંપરાઓ તેનામાં સમાયેલી હતી.





તો વળી બીજી બાજુએ એણે પશ્ચિમી સંસ્કૃતિના કેટલાંયે પ્રગતિશીલ મૂલ્યો અને સંસ્થાઓ વચ્ચે પસંદગી કરવાની હતી. ભારત આઝાદ થયું ત્યારે તેની સમક્ષ ત્રણ મુખ્ય પ્રશ્નો હતા.

1. રાષ્ટ્રીય બહુવિવિધતા સાથે ભારતની એકતા કેવી રીતે ટકાવવી?
2. આર્થિક પ્રગતિ સાધવી અને ગરીબી અને અસમાનતા નાબૂદ કરવી.
3. ભારતના સમાજમાં મૂળભૂત પરિવર્તન લાવવું.

આ પ્રશ્નોનો જવાબ ભારતની જૂની પરંપરાઓ અને પ્રણાલિકાઓમાં ન હતો. તેનો જવાબ તો આધુનિક મૂલ્યો અને સંસ્થાઓ અપનાવવામાં હતો. ક્યા ક્ષેત્રોમાં અને કેટલે અંશે આધુનિકતાના ખ્યાલો અપનાવવા એ વધારે જટિલ પ્રશ્ન હતો; કારણ કે, આધુનિકતા એટલે માત્ર પશ્ચિમીકરણ નહીં, આધુનિકતા એટલે યૂરોપ, અમેરિકાનું આંધળું અનુકરણ નહીં, પરંતુ આધુનિકતા એટલે એવાં મૂલ્યો અને સંસ્થાઓ, જે માનવીને અને સમાજને આગળ લઇ જાય અને વહેમો, અંધશ્રદ્ધાઓ, માન્યતાઓ અને બંધનોથી મુક્ત કરે તેમજ ભારતની વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિને સમૃદ્ધ કરે. આ મૂલ્યો એટલે -વૈજ્ઞાનિક અભિગમ, સત્યની શોધ, સ્વતંત્રતા-સમાનતા અને બંધુત્વના સિદ્ધાંતો; માનવગૌરવનું સન્માન, ધર્મનિરપેક્ષતા, વૈવિધ્યની જાળવણી,પ્રજાની ભાગીદારીવાળી લોકશાહી, કાયદાનું શાસન, દરેક વ્યક્તિની શક્તિઓને સંપૂર્ણપણે ખીલવાની સમાન તક, ગરીબી અને અસમાનતાની નાબૂદી; સહિષ્ણુતા, અહિંસા, માનવીય સંવેદનશીલતા, સામાજિક-આર્થિક ન્યાય, સ્ત્રી-પુરૂષ સમાનતા વગેરે.

અલબત્ત, આ મૂલ્યોને સાકાર કરવા કેવી સંસ્થાઓ હોવી જોઈએ, એ પ્રશ્ન તો હતો જ; સાથે સાથે પશ્ચિમી દેશોનાં વિઘાતક ખ્યાલો અને સંસ્થાઓને કેમ અટકાવવા, એ પ્રશ્ન પણ હતો. કેટલી ઝડપથી આ

પરિવર્તનો લાવવાં, એ સવાલ પણ હતો. બંધારણ ઘડવાનું કામ એ કાંઈ વાતાનુકૂલિત ઓરડામાં બેસીને કરવાનું કામ નથી. સમાજ જેવો છે તેવો, તેને સમજીને તેમાં અનેક બાંધછોડ કરવી પડે છે. વળી બંધારણ એક વાત છે અને તેના વડે સમાજ અને તેની વિચારધારાને વાસ્તવમાં આણવા, એ બીજી વાત છે. બંધારણ તો આદર્શો છે -તેને સાકાર કરવાનાં છે, મૂર્ત સ્વરૂપ આપવાનું છે.





## પ્રકરણ - 3

# ભારતનું બંધારણ અને તેનાં આદર્શો

ભારતના બંધારણના ઘડવૈયાઓએ મહદ્ અંશે આધુનિક મૂલ્યોને ધ્યાનમાં રાખીને બંધારણ બનાવ્યું છે. બંધારણના આમુખમાં દેશનાં મૂળભૂત મૂલ્યો, આદર્શો અને સિદ્ધાંતોને દર્શાવવામાં આવ્યા છે. આ આમુખનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે.

1. ભારતનું બંધારણ ભારતના નાગરિકોએ બનાવેલું છે. એ ભારતના નાગરિકોને સમર્પિત થયેલ છે. આ રીતે ભારતના બંધારણનું સમગ્ર સાર્વભૌમત્વ ભારતના લોકોમાં નિહિત થયેલ છે. આથી ભારતના બંધારણની તમામ સત્તાધીશ સંસ્થાઓ પોતાની સત્તા ભારતના લોકો દ્વારા મેળવે છે. આમ, ભારતના બંધારણે દૈવી કે ધાર્મિક મૂળનો કે રાજાશાહીનો અસ્વીકાર કર્યો છે.
2. ભારત લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય રહેશે. શાસન લોકો દ્વારા અથવા લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ મારફતે ચાલશે. આ લોકશાહી માત્ર દિલ્હી કે રાજ્યોનાં પાટનગરો પૂરતી મર્યાદિત નહીં રહે; પરંતુ છેક નીચે સુધી, ગામડાંઓ સુધી પહોંચશે. વળી બંધારણ મુજબ લોકશાહી માત્ર રાજ્ય પૂરતી મર્યાદિત નથી રાખવાની, પરંતુ સમગ્ર સમાજનું લોકશાહીકરણ થાય, એવો આદર્શ સેવાયો છે.

3. ભારત ધર્મનિરપેક્ષ (સેક્યુલર) રાજ્ય રહેશે.

4. બંધારણે ભારત માટે સમાજવાદના આદર્શોનો સ્વીકાર કર્યો છે.

5. બંધારણમાં વાણીસ્વાતંત્ર્યના આદર્શોને અપનાવવામાં આવ્યા છે.

6. ભારતના તમામ નાગરિક માટે બંધારણે સમાન તક તથા સમાન દરજ્જાના સિદ્ધાંતનો સ્વીકાર્યો છે.

7. ભારતના બંધારણના પાયાના સિદ્ધાંતો છે -સામાજિક ન્યાય, આર્થિક ન્યાય અને રાજકીય ન્યાય.

8. બંધારણે દેશના તમામ નાગરિકો માટે બંધુત્વનો આદર્શ અપનાવ્યો છે.

9. માનવીનું ગૌરવ અને ગૌરવપૂર્ણ જીવન -એ ભારતના બંધારણના મૂળગત મૂલ્યો, આદર્શો છે.

આ દૃષ્ટિએ જોતાં, લગભગ મોટાભાગનાં મહત્વનાં આધુનિક મૂલ્યોનો ભારતના બંધારણમાં આદર્શો તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. આ આદર્શોને સાકાર કરવા માટે, તેને વાસ્તવમાં લાવવા માટે, બંધારણમાં જે વિગતવાર જોગવાઈઓ કરી છે - તે તપાસવા જેવી છે.

1. ભારત એક સાર્વભૌમ રાજ્ય રહેશે. એ કોઈ અન્ય દેશનું આધિપત્ય કે અંકુશ સ્વીકારશે નહીં. આનો અર્થ એ નથી કે, ભારત સંકુચિત રાષ્ટ્રવાદનો ભોગ બનશે. રાષ્ટ્રવાદ અને આંતરર્રાષ્ટ્રીયવાદ વચ્ચે સંતુલન કરવાનો આદર્શ બંધારણમાં સ્વીકારવામાં આવ્યો છે; અને એ મુજબ, આંતરર્રાષ્ટ્રીય શાંતિ અને સલામતિ માટે, રાજ્યો વચ્ચે ન્યાયી અને સન્માનપૂર્ણ સંબંધો જાળવવા માટે, આંતરર્રાષ્ટ્રીય કાનૂનો પ્રત્યે આદર કેળવવા માટે, આંતરર્રાષ્ટ્રીય કરાર કે સમજૂતીઓને પાળવા માટે તેમજ આંતરર્રાષ્ટ્રીય ઘર્ષણો કે તકરારો જો યુદ્ધોમાં





પરિણમે, તો તેને અટકાવવા માટે અને લવાદ (મધ્યસ્થી) દ્વારા તેનો ઉકેલ લાવવા માટે ભારત, સક્રિય ભૂમિકા અદા કરશે, કાર્યરત રહેશે.

2. લોકશાહી પ્રજાસત્તાક રાજ્યના આદર્શને મૂર્ત કરવા માટે તેણે સાર્વત્રિક ધોરણે પુખ્ત મતાધિકારને માન્ય કર્યો છે. આ પ્રકારના સાર્વત્રિક મતાધિકાર અંગે બંધારણસભામાં એક મંતવ્ય એવું હતું કે, દેશમાં મોટાભાગનાં લોકો અભણ અને નાસમજ છે, ગરીબ છે, તેમને મતાધિકાર આપવાથી દેશને નુકશાન થશે, દેશ માટે ખતરો ઊભો થશે. પરંતુ જવાહરલાલ નહેરૂ અને અન્ય ઉદારમતવાદી સભ્યોએ મતાધિકાર માટે મિલ્કત વિષયક કે શૈક્ષણિક લાયકાત વિષયક કોઈપણ મર્યાદા મૂક્વાનો વિરોધ કર્યો. તેમનું મંતવ્ય સ્પષ્ટ હતું - આ પ્રજાનો ઇતિહાસ છે, સમાજ છે, સંસ્કૃતિ છે, તેઓ વાંચી-લખી શકતા ના હોય તેથી સમાજ વિશે, રાજ્ય વિશે, વિકાસ વિશે વિચાર કરી શકતા નથી, એમ માનવું એ મોટી ભૂલ છે. આવાં કૈંક મંતવ્યોના લાંબા વાદ-વિવાદ બાદ ભારતના બંધારણમાં સાર્વત્રિક પુખ્ત મતાધિકારનો સ્વીકાર થયો હતો. સાર્વત્રિક મતાધિકારનો મતલબ એ પણ છે કે, એમાં નાત-જાત, લિંગ, ધર્મ, રહેઠાણ, મિલ્કત, શિક્ષણ કે ભાષા વિષયક કોઈપણ મર્યાદા સ્વીકાર્ય નથી. તે તમામ નાગરિકોને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર આપવામાં આવેલો અધિકાર છે. મતાધિકાર ઉપરાંત, રાજ્યના તમામ હોદ્દા, તમામ નાગરિકો માટે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર ખુલ્લાં રાખવામાં આવ્યા છે.

3. ભારતના બંધારણે વિકેન્દ્રીતતાનો સિદ્ધાંત સ્વીકારેલો છે; અને એ માટે ભારતની બહુલક્ષી વિવિધતાને ધ્યાનમાં રાખી સમવાયતંત્રનો સ્વીકાર કરેલો છે. જેને પરિણામે દેશના જુદા જુદા વિસ્તારો અથવા પ્રદેશો પોતાની અસ્મિતા જાળવી પોતપોતાની રીતે વિકાસ કરી

શકે અને એના વડે સમગ્ર રાષ્ટ્રને સમૃદ્ધ બનાવી શકે. આ ઉપરાંત ખાસ સંજોગો-સંસ્કૃતિઓને આધારે કેટલાંક વિસ્તારો માટે ખાસ અથવા વિશેષ જોગવાઈઓનો પણ સ્વીકાર કરેલો છે; જેમ કે, ઉત્તર-પૂર્વી રાજ્યોમાં સ્વાયત્ત સંસ્થાઓનો સ્વીકાર કર્યો છે અને જમ્મુ-કાશ્મીરને અલગ દરજ્જો પણ આપેલો છે.

4. 1992માં બંધારણના **અધિનિયમ 72 અને 73ના** બંધારણીય સુધારા દ્વારા ગ્રામસ્વરાજને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે; જેને કારણે ગામો, નગરો અને શહેરો સ્થાનીય ધોરણે પોતાની નીતિઓ નક્કી કરી શકે અને પોતાનો વિકાસ કરી શકે. લોકશાહી ને તળ સુધી લઈ જવાનો આ પ્રગતિશીલ પ્રયાસ છે.

5. 1947માં ભારતના ભાગલા થયાં અને ધર્મઆધારિત પાકિસ્તાનનો જન્મ થયો. પરંતુ ભારતે ધર્મઆધારિત નાગરિકત્વનો ખ્યાલ સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી. ભારતના બંધારણે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર કર્યો. આઝાદી પછી તરત જ સાવરકર અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે એવો સવાલ ઉઠાવેલ કે, ભારતનો નાગરિક કોને ગણી શકાય? એમનું સ્પષ્ટ માનવું હતું કે, પરધર્મીઓને ભારતના નાગરિક હરગીઝ ગણી ના શકાય. તેમની વિચારધારા મુજબ જેમની માતૃભૂમિ, જન્મભૂમિ અને ધર્મભૂમિ ભારત હોય તેને જ ભારતનો નાગરિક ગણાય; અને તેથી મુસ્લીમો અને ખ્રિસ્તીઓ - જેમની ધર્મભૂમિ ભારત નથી, તેમને ભારતનું નાગરિકત્વ ન આપી શકાય. અલબત્ત, ભારતનાં બંધારણે આ ખ્યાલનો સ્પષ્ટ ઈન્કાર કર્યો અને આઝાદી પછી ભારતમાં જન્મ પામનાર અને આઝાદી સમયે પાંચ વર્ષથી ભારતમાં વસતાં તમામને ભારતનું નાગરિકત્વ આપવાનું સ્વીકાર્યું, તથા જાહેર કર્યું કે, આ નાગરિકો ગમે તે ધર્મના હોય, પરંતુ તે સૌ સમાન ધોરણે





નાગરિકત્વ ભોગવી શકશે. આ ખરેખર એક ઐતિહાસિક અને પ્રગતિશીલ નિર્ણય હતો.

6. બંધારણના ભાગ- III માં નાગરિક માટેના મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે. જેનો અમલ અદાલતો કરાવી શકે છે. કોઈપણ કાયદો કે વહીવટી કૃત્ય જો આ અધિકારોનો ભંગ કરે તો તેને સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતો (હાઈકોર્ટો) ગેરબંધારણીય જાહેર કરી શકે છે. આ રીતે નાગરિકના મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાના આધુનિક મૂલ્યો અને દેશના સંચાલનમાં તેમજ મૂળભૂત અધિકારોના અમલીકરણમાં બુદ્ધિનિષ્ઠા (રેશનાલિટિ)ની કસોટી ઘણી અગત્યની બની રહે છે. વળી આ અધિકારોને બંધારણના મૂળભૂત તત્વ ગણવામાં આવ્યાં છે. સર્વોચ્ચ અદાલતે કેશવાનંદ ભારતીના કેસમાં આપેલા એક ચૂકાદા મુજબ, બંધારણનાં મૂળભૂત તત્વોને બંધારણ સુધારા દ્વારા પણ બદલી ના શકાય.

પોતાના આદર્શોને સાકાર કરવા માટે ભારતના બંધારણે ઘડેલી આ જોગવાઈઓ ઉપર નજર નાંખતાં એટલું જરૂર સ્પષ્ટ થાય છે કે, એ ઘણી પ્રગતિશીલ અને વ્યાપક છે. ઘણાં સંદર્ભે એ નક્કર પણ છે. હવે પછીના પ્રકરણમાં આપણે એણે આપેલા નાગરિકના મૂળભૂત અધિકારો માટેની જોગવાઈઓને સમજવાનો પ્રયાસ કરીએ.

## પ્રકરણ - 4

# નાગરિકના મૂળભૂત અધિકારો માટેની બંધારણીય જોગવાઇઓ

રાષ્ટ્રની જેમ જ નાગરિકના મૂળભૂત અધિકારો પણ આધુનિકતાનો એક અત્યંત મહત્વનો ખ્યાલ છે. આ ખ્યાલમાં નાગરિકની સમાનતા, સ્વતંત્રતા, ગૌરવપૂર્ણ માનવીય જીવન જેવાં પાયાનાં મૂલ્યોનો સમાવેશ થાય છે. આ મૂલ્યો, અધિકારોને સાકાર કરવા માટે ભારતીય બંધારણમાં જે નોંધપાત્ર જોગવાઈઓ કરવામાં આવી છે, એના ઉપર દૃષ્ટિપાત કરીએ તો-

### 1. સમાનતા માટેની જોગવાઇઓ

ભારતના બંધારણના અનુચ્છેદ 14થી 18માં નાગરિકોને સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ અધિકાર પાછળનો મહત્વનો સિદ્ધાંત એ છે કે, કાયદા સમક્ષ સૌ નાગરિકો સમાન છે. એ તમામને કાયદાનું સમાન રક્ષણ મળશે. એક રીતે જોતાં આ અધિકાર દેશના નાગરિકોને ઔપચારિક સમાનતા આપે છે; પરંતુ કાયદાના શાસનમાં એ એક ઘણો અગત્યનો સિદ્ધાંત છે. બીજા શબ્દોમાં જોઈએ તો - કાયદા સમક્ષ ધર્મ, જાતિ, લિંગ, રંગ, નાત, રહેઠાણ, રાજકીય વિચારધારાના કોઈપણ જાતના ભેદભાવ વગર દરેક વ્યક્તિ સમાન છે.





અનુચ્છેદ 15 મુજબ રાજ્ય માત્ર ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થળના કારણે નાગરિકો વચ્ચે ભેદભાવ કરી ન શકે. આ ઉપરાંત, આ જ કારણોસર કોઈપણ નાગરિક ઉપર જાહેર સંસ્થાઓના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકી ના શકાય. એવી જ રીતે સરકારી નોકરીઓ માટે પણ સૌને સરખી તક મળે છે; એ સંદર્ભે પણ ઉપરોક્ત કારણોસર કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખી ના શકાય.

**સમાનતાના આ અધિકાર વિશે કેટલાક મુદ્દા નોંધવા જેવા  છે.**

(અ) કાયદા સમક્ષ સમાનતાનો અર્થ સર્વોચ્ચ અદાલતે એવો કર્યો છે કે, સરકારી કાયદો કે કૃત્ય મનસ્વી, બુદ્ધિનિષ્ઠા વિનાનું (ઈર્રેશનલ), અતાર્કિક (અનરિઝનેબલ) હોવું ના જોઈએ. આમ દરેક કાયદા અને કૃત્યની બંધારણીયતા માટેની કસોટી છે -બુદ્ધિગમ્યતા અને તાર્કિકતા; અથવા નકારાત્મક રીતે કહીએ તો -બુદ્ધિનિષ્ઠા વગરનું અને અતાર્કિક. બુદ્ધિગમ્યતા અથવા તો બુદ્ધિનિષ્ઠા એ રાજ્ય સંચાલનના પાયા તરીકે બંધારણે સ્વીકારેલો સિદ્ધાંત છે.

(બ) દેશમાં પ્રવર્તતી જબરદસ્ત આર્થિક અસમાનતા બાબતે બંધારણ તટસ્થ છે. એનો અર્થ એ થયો કે, માનવી ગરીબ છે કે તવંગર એનાથી અદાલત સમક્ષ કોઈ ફરક પડતો નથી.

મારી (આ લેખકની) દૃષ્ટિએ, બંધારણે ગરીબીને સ્પષ્ટ રીતે સમાજના મૂળભૂત લક્ષણ તરીકે સ્વીકારવી જોઈએ. અને બંધારણને ગરીબો તરફી ઝૂકાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(ક) આ સમાનતા ઔપચારિક હોવાથી બંધારણે તેને વાસ્તવિક ધરાતલ (સબ્સેન્ટિવ ગ્રાફ) પર લાવવા માટે અનામત વ્યવસ્થા (રિઝર્વેશન), સકારાત્મક ભેદભાવ (પોઝિટિવ ડિસ્ક્રીમિનેશન) અને વિધેયાત્મક સક્રિયતા (એફર્મેટિવ એક્શન)નો સ્પષ્ટ સ્વીકાર કર્યો છે. સ્ત્રીઓ

અને બાળકો માટે ખાસ જોગવાઈઓ કરી છે. આ ઉપરાંત, દલિતો (શિડ્યુલ્ડ કાસ્ટ), આદિજાતિઓ (શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) તેમજ સામાજિક અને શિક્ષણની દૃષ્ટિએ પછાત વર્ગો માટે પણ આવી જોગવાઈઓનો સ્વીકાર કર્યો છે. આ જ રીતે સરકારી નોકરીઓમાં પણ એસ.સી. (શિડ્યુલ્ડ કાસ્ટ), એસ.ટી. (શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) અને પછાત વર્ગો માટે અનામતની જોગવાઈ કરવામાં આવી છે.

આ રીતે બંધારણે રાજ્ય અને જાહેરક્ષેત્રમાં સંપૂર્ણ અને સાચી સમાનતા લાવવા કોશિષ કરી છે. તેણે સમાનતાના સિદ્ધાંતને અપનાવ્યો છે અને જે પાછળ રહી ગયેલ છે તેવા સામાજિક વર્ગોને સાચા અર્થમાં સમાન બનાવવા માટે સચોટ રસ્તો (અલ્ટિમેટ એક્ટ) સ્વીકાર્યો છે.

(ડ) અનુચ્છેદ 17 દ્વારા બંધારણમાં અસ્પૃશ્યતા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કોઈપણ સ્વરૂપે અસ્પૃશ્યતા આચરવામાં આવે, તો તેને ગુનો ગણવાની જોગવાઈ કરવામાં આવી છે. એ ગુનો સજાપાત્ર પણ ગણાય છે. આ દૃષ્ટિએ, દેશના મૂળભૂત કાયદાએ સમાજના સૌથી વધારે અમાનવીય સામાજિક દૂષણને નાબૂદ કરવાનો પ્રયાસ કર્યો છે.

## 2. સ્વતંત્રતા માટેની જોગવાઇઓ

અનુચ્છેદ 19 હેઠળ ભારતના દરેક નાગરિકને કેટલીક નાગરિક સ્વતંત્રતાઓ આપવામાં આવી છે.

1. વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય.
2. સભા ભરવાની સ્વતંત્રતા.





3. સંઘો અથવા એસોસિએશનો બનાવવાની સ્વતંત્રતા.
4. દેશમાં કોઈપણ સ્થળે આવવા-જવાની સ્વતંત્રતા.
5. ધંધો, વ્યાપાર, વ્યવસાય કરવાની સ્વતંત્રતા.

આ તમામ અગત્યના નાગરિક સ્વાતંત્ર્ય અધિકારોમાં સૌથી મહત્વનો અધિકાર છે - વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર; કેમ કે, એ લોકશાહી માટે પાયારૂપ અધિકાર છે.

અલબત્ત, આ તમામ નાગરિક સ્વતંત્રતાઓ ઉપર રાજ્ય મર્યાદા મૂકી શકે છે; પરંતુ એ માત્ર કાયદા દ્વારા જ અને અમુક નિર્દિષ્ટ (નક્કી કરેલાં) કારણોસર જ મૂકી શકાય. એમાં સૌથી મહત્વનું એ છે કે, આ મર્યાદાઓ વાજબી (રિઝનેબલ) હોવી જોઈએ. આ મર્યાદાઓની કસોટી છે - વ્યાજબીપણું (રિઝનેબલનેસ); એવું વ્યાજબીપણું કે જેનાથી સામાજિક કે રાષ્ટ્રીય હિત અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય વચ્ચે યોગ્ય અને ન્યાયી સમતુલન જળવાઈ શકે.

અનુચ્છેદ 19 (1) (9) દ્વારા વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકારમાં, રાજ્યની બાબતો અંગે જાણવાના નાગરિકના અધિકાર (રાઈટ ટુ નો) નો પણ સમાવેશ થાય છે. શાસનમાં પારદર્શિતા (ટ્રાન્સપરન્સી) લાવવા માટેનું આ એક મહત્વનું પગલું અથવા જોગવાઈ છે. આ જોગવાઈને અમલમાં લાવવા માટે જ માહિતી અધિકાર (રાઈટ ટુ ઈન્ફર્મેશન)-2005નો કાયદો બનાવવામાં અને અમલમાં મૂકવામાં આવ્યો છે.

## 3. ગૌરવપૂર્ણ માનવીય જીવન માટેની જોગવાઇઓ

બંધારણે વ્યક્તિ માટે ગૌરવ સાથે જીવન જીવવાના અધિકારનો સ્વીકાર કર્યો છે. બંધારણના અનુચ્છેદ 21માં માન્ય કરાયેલ જીવન જીવવાનો

અધિકાર (રાઈટ ટુ લાઈફ)ના કેન્દ્રમાં માનવગૌરવ (ડિગ્નીટી)નું મૂલ્ય રહેલું છે. આ માનવગૌરવ એ આધુનિકતાનું એક મહત્વનું મૂલ્ય છે. વળી સર્વોચ્ચ અદાલતે જીવન જીવવાના અધિકારનું વ્યાપક અર્થઘટન કરીને ઘણાં મહત્વના આર્થિક, સામાજિક અધિકારોનો તેમાં સમાવેશ કર્યો છે; જેમ કે - આજીવિકાનો અધિકાર, પીવાનું પાણી, રહેઠાણ, આરોગ્ય, શિક્ષણ, યોગ્ય પર્યાવરણ, વિકાસ વગેરે માટેના અધિકારો.

બંધારણ મુજબ રાજ્ય દ્વારા જીવન જીવવાના અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય ઉપર નિયંત્રણ મૂકવા માટે એક તો કાયદો બનાવવો પડે અને સાથે સાથે એ કાયદાની પ્રક્રિયા વાજબી,ન્યાયી અને તાર્કિક (રિઝનેબલ) હોવી જોઈએ. આ રીતે આ અધિકાર સંદર્ભે પણ બુદ્ધિનિષ્ઠા (રેશનાલિટિ) અને તાર્કિકતા (રિઝનેબલનેસ)ની કસોટીનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

હમણાં સુધી મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણને બંધારણના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે સ્વીકારવામાં આવતો હતો. અલબત્ત, સર્વોચ્ચ અદાલતે તેનો જીવન જીવવાના અધિકાર (રાઈટ ટુ લાઈફ) ના ભાગ તરીકે સ્વીકાર કર્યો હતો. હવે બંધારણમાં સુધારા દ્વારા અનુચ્છેદ 21 (એ) હેઠળ 6 વર્ષ થી 14 વર્ષ સુધીના બાળક માટે મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

માનવીય ગૌરવના આધુનિક મૂલ્યના પ્રસ્થાપન માટે ભારતના બંધારણમાં મનુષ્યના ખરીદ-વેચાણ (ટ્રેડીંગ ઓફ હ્યુમનબીઇંગ્સ) અને તેને વેઠિયો (બોન્ડેડ લેબર) બનાવવાની પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જોગવાઈઓનો હેતુ મનુષ્યને કોઈ પણ સ્વરૂપની ગુલામગીરીમાંથી મુક્ત કરવાનો છે.

## 4. સામાજિક - આર્થિક અધિકારો

બંધારણના વિભાગ - IV માં નાગરિકના સામાજિક - આર્થિક અધિકારોનો





સ્વીકાર કરવામાં આવ્યો છે. આ માર્ગદર્શક સિદ્ધાંતોના વિભાગમાં સામાજિક-આર્થિક સમાનતા, સમાન ન્યાય અને માનવ વિકાસ કેન્દ્રમાં છે. અલબત્ત, આ સિદ્ધાંતોના સીધા અમલ માટે અદાલતનો આશરો લઈ ના શકાય. આ સિદ્ધાંતો દેશના શાસન માટેના મૂળભૂત સિદ્ધાંતો તરીકે સ્વીકારાયેલા છે. આ સિદ્ધાંતોનો અમલ કરવાની જવાબદારી રાજ્યની છે. આ સિદ્ધાંતોમાં નીચે પ્રમાણેના કેટલાંક મહત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

1. જનકલ્યાણ માટે કામ કરવાની રાજ્યની જવાબદારી.
2. સામાજિક, આર્થિક, રાજકીય ન્યાયના પાયા ઉપર રચાયેલ વ્યવસ્થાનું નિર્માણ કરવું.
3. આવક, દરજ્જો, સવલતો અને તકની બાબતમાં અસમાનતા નાબૂદ કરવી.
4. સમાજનાં ભૌતિક (મટિરિયલ) સંસાધનોની ન્યાયી વહેંચણી કરવી તેમજ સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ ન થાય તેનું ધ્યાન રાખવું.
5. સ્ત્રીઓ અને પુરૂષો વચ્ચે સમાન કામ માટે સમાન વેતનની જોગવાઈઓ કરવી.
6. મજૂરો માટે આર્થિક અધિકારોની સવલતો ઊભી કરવી.
7. સમાનતાની ગેરંટી આપવી તથા ન્યાય મેળવવા માટેની અડચણો દૂર કરવી.
8. પર્યાવરણની જાળવણી કરવી.
9. દલિતો, આદિવાસીઓ અને અન્ય નબળા વર્ગોના આર્થિક અને કેળવણી વિષયક હિતોને આગળ વધારવા.

બંધારણના આ માર્ગદર્શક સિદ્ધાંતો પરથી સ્પષ્ટ થાય છે કે, રાજ્ય એ માત્ર રાજકીય માળખું જ નથી, પરંતુ નાગરિકોની સ્વતંત્રતા ટકાવવાની

જવાબદારી પણ તેના ઉપર લાદવામાં આવી છે; બીજા શબ્દોમાં કહીએ તો તેણે નિભાવવાની છે. સાથે સાથે એ પણ સ્પષ્ટ થાય છે કે, રાજ્ય છેવટે તો માનવીય સંસ્થા છે અને તેનું સાચું કર્તવ્ય માનવ વિકાસ અને પ્રગતિ છે. આ ઉપરાંત, સમાનતા, ન્યાય, આર્થિક ઉન્નતિ વગેરેની જવાબદારી પણ રાજ્યની છે. આ રીતે આધુનિકતાનાં ત્રણ મહત્વનાં મૂલ્યો -સ્વતંત્રતા, સમાનતા અને ન્યાય એ બંધારણનો અંતર્ગત ભાગ છે.

## 5. નાગરિકોની ફરજો

ભારતનું બંધારણ માત્ર રાજ્યની જ ફરજો, કર્તવ્ય અને સત્તાઓ નક્કી નથી કરતું. બંધારણ લોકો દ્વારા અને લોકો માટે પણ બનાવવામાં આવ્યું છે; માટે તેમાં નાગરિકની કેટલીક ફરજો નિશ્ચિત કરાઈ છે, જાહેર કરાઈ છે. બંધારણનો - IV એ ભાગ નાગરિકોની ફરજો વિશે છે, જેને પાછળથી ઉમેરવામાં આવ્યો છે. આમાંની કેટલીક મહત્વની નાગરિક ફરજો આ પ્રમાણે છે.

1. વૈજ્ઞાનિક વલણ વિકસાવવું.
2. માનવતાના ધર્મનું પાલન કરવું.
3. સત્ય માટેની ઝંખના કેળવવી.
4. સમાજમાં ધાર્મિક, ભાષાકીય, અને પ્રાદેશિક ગણતરી (સ્વાર્થો)ની ઉપરવટ જઇ બંધુત્વ જાળવવું, કેળવવું.
5. સ્ત્રીઓના સ્વમાનના વિરૂદ્ધના વ્યવહારો અને આચરણોથી દૂર રહેવું; તેને તિલાંજલિ આપવી.
6. વ્યક્તિ અને સમાજને ઉચ્ચતાની કક્ષાએ લઇ જવા.

બંધારણમાં સમાયેલ આ મૂળભૂત નાગરિક ફરજોમાં વૈજ્ઞાનિક અભિગમ, જ્ઞાન માટેની શોધ, બંધુત્વ, માનવતા, સ્ત્રીદાક્ષિણ્ય જેવાં પ્રગતિશીલ મૂલ્યોનો સમાવેશ થાય છે.





સમગ્ર રીતે જોતાં, ભારતના બંધારણે આધુનિકતાનાં મૂળભૂત મૂલ્યોને પોતાનામાં આવરી લીધાં છે. ટૂંકમાં કહીએ તો, વૈજ્ઞાનિક અભિગમ, બુદ્ધિનિષ્ઠા (રેશનાલિટી), સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, માનવગૌરવ, ન્યાય તેમજ લોકશાહી પદ્ધતિ અને ધર્મનિરપેક્ષતા વગેરે આધુનિકતાનાં મૂળભૂત અંગોનો બંધારણના આમુખ, વિભાગ-3ના મૂળભૂત અધિકારો, વિભાગ-4ના માર્ગદર્શક સિદ્ધાંતો અને વિભાગ-4એ-માં મૂળભૂત ફરજો તેમજ માનવીય ગૌરવ, વિચાર-વાણી સ્વાતંત્ર્ય, સમાન નાગરિકત્વ, લોકો દ્વારા ચૂંટાયેલી અને લોકોને જવાબદાર વિધાનસભા, સંસદ અને સરકારોનો તેમાં સમાવેશ થઈ જાય છે.

આમ છતાં, ભારતના બંધારણમાં કેટલાંક મહત્વના મુદ્દાઓ વિવાદાસ્પદ છે. હવે આપણે એને સમજવાનો પ્રયત્ન કરીશું.

## પ્રકરણ - 5

# ભારતના બંધારણની વિવાદાસ્પદ બાબતો

અગાઉના પ્રકરણોમાં આપણે જોયું કે, ભારતના બંધારણમાં આધુનિકતાના મહત્વનાં મૂલ્યોનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત તેને વાસ્તવની ધરતી ઉપર લાવવાની ઘણી જોગવાઈઓને પણ સામેલ કરવામાં આવી છે. વળી એની રચના, એનું ઘડતર પણ વીસમી સદીના મધ્યમાં, જ્યારે દુનિયાભરમાં આધુનિકતાની ચેતના વિકસીત થઈ રહી હતી ત્યારે કરાયું હતું. એના ઘડતર માટે આઝાદ ભારતના વિદ્વાનો, કર્મશીલોની બનેલી બંધારણસભાના નેતાઓએ અનેક લોકશાહી દેશોના બંધારણોનો અભ્યાસ તથા ભારતના સમાજોની વાસ્તવિકતાઓની ઊંડાણપૂર્વકની ચર્ચા-વિચારણાઓના અંતે કરી હતી. એ દષ્ટિએ એ બંધારણ આધુનિકતાનો એક મહત્વનો દસ્તાવેજ બની શક્યું હતું. આમ છતાં, આધુનિકતાની દષ્ટિએ, આધુનિકતાનાં કેટલાંક મહત્વનાં પાયાગત મૂલ્યોની દષ્ટિએ એમાં કેટલાંક વિવાદાસ્પદ મુદ્દાઓ આજે પણ મોજૂદ છે. હવે આપણે એની ચર્ચા કરીશું.

### 1. સમવાયતંત્ર વિષયક મુદ્દા

ભારતના બંધારણે એક મજબૂત સમવાય તંત્ર (યુનિયન ઓફ સ્ટેટ્સ)નો સ્વીકાર કર્યો છે. આ સંદર્ભે એણે કેટલાંક વૈવિધ્યનો સ્વીકાર પણ કર્યો છે; જેમ કે, - જમ્મુ-કાશ્મીરના રાજ્યને વિશેષ દરજ્જો આપવો,





ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં સ્થાનિક સંસ્થાઓનો સ્વીકાર કરવો વગેરે. એણે આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના કાયદાઓમાંથી સ્વનિર્ધારણનો અધિકાર (રાઈટ ટુ સેલ્ફ ડીટરમિનેશન)નો પણ સ્વીકાર કર્યો છે. આમ છતાં, કોને અથવા ક્યા સમાજ કે સમૂહને કે ક્યા વિસ્તારોને આ પ્રકારનો અધિકાર મળવો જોઈએ તે વિવાદાસ્પદ પ્રશ્ન છે. ભારતની વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિઓને જોતાં તથા ભારતની વિવિધતાઓને ધ્યાનમાં લેતાં હજુ વધારે વ્યાપક વૈવિધ્યપૂર્ણ સમવાયતંત્રની યોજના વિચારવી જરૂરી છે. દરેક પ્રદેશ કે સમૂહ અન્ય પ્રદેશો કે સમૂહો સાથે સમભાવપૂર્વક કાર્ય કરી શકે અને સાથે સાથે પોતાની પ્રાદેશિક ઓળખ, સ્વાયત્તતા, સંસ્કૃતિ જાળવી શકે તેમજ પોતાનો વિકાસ પણ સાધી શકે એવા સમવાય તંત્ર વિશે એણે વિચારવું જોઈએ; તથા બંધારણમાં એ મુજબની જોગવાઈઓ કરવી જોઈએ. આ ઉપરાંત, કોઈ પ્રદેશની મોટી બહુમતિ ભારતમાં રહેવા માંગતી જ ના હોય તો તે પ્રદેશને સ્વતંત્ર અથવા છૂટા થવાની સ્વતંત્રતા હોવી અત્યંત જરૂરી છે. જો બંધારણમાં આ પ્રકારની સ્વતંત્રતા આપવામાં આવશે તો એનું પરિણામ એ આવશે કે, દેશભરમાં બંધુત્વનો ખ્યાલ વધુ દઢ બનશે અને તમામ પ્રદેશોના આગવા અને વધુમાં વધુ વિકાસ માટે રાજ્યોને પ્રેરણા મળશે. જો માત્ર પ્રદેશનો કબજો જાળવી રાખવામાં જ રાજ્યને રસ હશે તો સંઘર્ષો વધશે, ઊગ્ર બનશે. યુનિયન (સમવાય) એટલે હૃદયની એકતા, બળપૂર્વક ઊભી થયેલી એકતા નહીં. આ રીતે જોતાં, સ્વ-નિર્ધારણના અધિકાર (રાઈટ ટુ સેલ્ફ ડીટરમિનેશન)નો ખરા અર્થમાં, આધુનિકતાના સિદ્ધાંતો અનુસાર પૂર્ણપણે સ્વીકાર કરવાથી બંધુત્વ, ભાવનાત્મક જોડાણ અને તમામ સમૂહો તથા પ્રદેશોના એકસરખા વિકાસનાં મૂલ્યો પણ વધુ સુદઢ બનશે.

### 2. સમાનતા વિષયક મુદ્દા

(અ) બંધારણના સમાનતા વિષયક અધિકારોમાં નાત-જાતના

ભેદભાવોનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. સરકારી નોકરીઓમાં, જાહેર સ્થળોના ઉપયોગમાં, જાહેર સસ્થાઓમાં પ્રવેશના અધિકારોમાં તેમજ મતાધિકારના ઉપયોગની બાબતોમાં નાત-જાત પર આધારિત ભેદભાવ રાખી કે આચરી શકાય નહીં. આ ઉપરાંત, બંધારણમાં અસ્પૃશ્યતાને પણ નાબૂદ કરવામાં આવી છે. પરંતુ હિન્દુ સમાજનું સૌથી અમાનવીય દૂષણ તો વર્ણવ્યવસ્થા (કાસ્ટ સિસ્ટમ)છે; અને એ વર્ણવ્યવસ્થા જ અસ્પૃશ્યતાના મૂળમાં છે; પરંતુ એના સંદર્ભે બંધારણમાં કોઇ સ્પષ્ટ જાહેરાત કરાઇ નથી. બંધારણમાં સ્પષ્ટપણે વર્ણવ્યવસ્થા નાબૂદીની જોગવાઇ કરવાની જરૂર હતી અને આજે પણ છે. નાગરિકના જાહેર કે ખાનગી જીવનમાં આ પ્રકારના ઊંચ-નીચના ભેદો સ્વીકારતી વર્ણવ્યવસ્થા માટે કોઇ જ અવકાશ હોવો ના જોઇએ. જો અસ્પૃશ્યતા નાબૂદીની સ્પષ્ટ ઘોષણા બંધારણમાં કરવામાં આવે અને ઊંચ-નીચનાં સંબંધો વિકસાવતા અને એને ઉત્તેજન આપતાં ખ્યાલો અને કાર્યકલાપોને અટકાવતા પ્રબંધો એમાં કરવામાં આવે, તો જ આધુનિકતાના પાયારૂપ સમાનતાના સિદ્ધાંત ભણી સમાજને દોરી શકાય.

(બ) ભારતના બંધારણમાં આર્થિક સમાનતા માટેની અથવા તો આર્થિક અસમાનતા નાબૂદ કરવાના સિદ્ધાંતોનો સ્વીકાર થયો છે. અને એ માટેની કેટલીક જોગવાઇઓ પણ સૂચવામાં આવી છે. પરંતુ તેમાં ભારતની ગરીબીની વાસ્તવિકતાઓનો નિર્વિવાદપણે અથવા તો સ્પષ્ટપણે સ્વીકાર કરાયો નથી. આના પરિણામે કાયદા સમક્ષની સમાનતા તથા કાયદાના સમાન રક્ષણના અધિકાર અને તેને લગતી અન્ય જોગવાઇઓના અમલીકરણમાં ગરીબી કે આર્થિક પછાતપણાને ધ્યાનમાં લાવી શકાતા નથી. માત્ર આર્થિક પછાતપણું કે ગરીબી હટાવવા માટેની જોગવાઇઓ - જેવી કે, અનામતની જોગવાઇ- પ્રકારની જોગવાઇઓ - સર્વોચ્ચ અદાલત સ્વીકારતી





નથી; તેવી જ રીતે, વાજબી વિભાગીકરણ / ધોરણ અનુસારના વર્ગીકરણ (રિઝનેજબલ ક્લાસીફિકેશન) ના સિદ્ધાંતમાં ગરીબીને સંબંધક / સંબંધિત પાસું અથવા કારણ (રેલેવન્ટ ફેક્ટર) ગણી શકાતું નથી. અલબત્ત, સમગ્ર રાજયનું ધ્યેય ગરીબી નાબૂદ કરવાનું છે; પરંતુ આર્થિક વ્યવસ્થા બદલાતાં તો વર્ષોનાં વર્ષો વીતી જાય, ત્યાં સુધી ગરીબી અને તેને લગતી વાસ્તવિકતાઓનું શું? એ કાંઇ રાહ જોઇને થોડી બેસી રહે?

આ દૃષ્ટિએ જોતાં, ગરીબીનાબૂદીની અવગણના અને ગરીબી પોતે માનવ અધિકારોનો સૌથી વધારે ગંભીર ભંગ છે. આધુનિકતા માટે એ સૌથી મોટો અવરોધ છે.

### 3. નાગરિક સ્વાતંત્ર્યના સંદર્ભે

ભારતના બંધારણે નાગરિક સ્વતંત્રતા ઓનો સ્વીકાર કર્યો હોવા છતાં, તેના ઉપર મર્યાદાઓ મૂકી શકાય તેવી ભૂમિકાઓનું મેદાન (ગ્રાઉન્ડ્સ) ઘણું મોકળું છે, ખુલ્લું છે. દા. ત. વાણી સ્વાતંત્ર્ય ઉપરનાં નિયંત્રણોને ખાસ્સાં ઘટાડી શકાયાં હોત. વળી અમુક સંજોગોમાં તો આવાં નિયંત્રણોનો દુરુપયોગ થવાની શક્યતાઓ મોટાપાયે વધી શકે એમ છે. આપણે 1975ની કટોકટી સમયે અને એ સિવાય પણ રાજય માટેના ઘણાં નાજુક અને સંવેદનશીલ સમયમાં એવા દૂરુપયોગને જોયો છે, અનુભવ્યો છે. વળી આ નિયંત્રણો માટે ઉપયોગમાં લેવાતાં લોકહિત અને રાષ્ટ્રીયહિત જેવાં ગ્રાઉન્ડ્સ (કારણો) પણ અત્યંત અસ્પષ્ટ અને પ્રજાતંત્ર માટે ભયજનક છે. અલબત્ત, સમાજના હિત ખાતર અથવા રાષ્ટ્રીયહિત ખાતર વ્યક્તિગત હિતનું બલિદાન આપવું જોઇએ; પરંતુ સમાજનું હિત એટલે શું? રાષ્ટ્રનું હિત એટલે શું? અલબત્ત, આવા હિતોની સ્પષ્ટ વ્યાખ્યા બનાવવી જોઇએ; એને માટેનાં ચોક્કસ / નિશ્ચિત ધારાધોરણે બનાવવાં જોઇએ. આ કાર્યો મુશ્કેલ છે, પરંતુ અત્યંત જરૂરી છે; વળી તે અશક્ય નથી જ.

આવી નાગરિક સ્વતંત્રતાઓને પ્રાથમિક ગણીને રાજ્ય અથવા સરકારો જે મર્યાદાઓ, નિયંત્રણો લાદે છે, તેને ગેરબંધારણીય ગણવાં જોઇએ; સિવાય કે, સરકાર તેને નિ:શંકપણે વાજબી અને અનિવાર્ય પૂરવાર કરે.

## 4. જીવન જીવવાના અધિકાર સંદર્ભે

બંધારણમાં જીવન જીવવાના મૂળભૂત અધિકારને રક્ષણ આપતો અનુચ્છેદ નકારાત્મક છે; એટલે કે, કાયદાની ન્યાયી પ્રક્રિયા વિના જ એને છીનવી લેવાની સત્તા એમાં સામેલ છે. જીવન જીવવાનો અધિકાર (રાઇટ ટુ લાઇફ)એ માનવ અધિકારોનો અને માનવ સમાજનો પાયો છે; કેમ કે, માનવીનું જીવન છે તો અધિકારો છે; માનવતાપૂર્ણ અને ગૌરવપૂર્ણ જીવન વિના અધિકારો શા ખપનાં? આ દૃષ્ટિએ બંધારણે જીવન જીવવાના અધિકારનો સકારાત્મક, વિધેયાત્મક સ્વીકાર કરવો આવશ્યક બલ્કે અનિવાર્ય બને છે. આ અધિકાર સંદર્ભે બંધારણ એવી જોગવાઇઓ કરી શક્યું હોત કે, પ્રત્યેક વ્યક્તિના ગૌરવપૂર્ણ જીવન જીવવાના અધિકારને સુરક્ષિત કરવાની ખાતરી આપી શકે (રાઇટ ટુ લીવ વીથ હ્યુમન ડિગ્નીટી ઇઝ ગેરન્ટીડ ટુ ઇચ પરસન). આ પ્રકારની સ્પષ્ટતા કરાઇ હોત તો બંધારણ રાજ્યને અને સમાજને એક સકારાત્મક સંદેશ અને દિશા આપી શક્યું હોત. આમ બન્યું હોત, તો આ અધિકારનો ઉપયોગ રાજ્ય સામે તો કરી જ શકાત અને સાથે સાથે સમાજના કોઇપણ આક્રમણકારી સમૂહ કે કોર્પોરેટ સંસ્થા, સંસ્થાનો સામે પણ લોકો કરી શકત.

## 5. વ્યક્તિગત સ્વાતંત્ર્યના અધિકાર સંદર્ભે

ભારતના બંધારણના અનુચ્છેદ 21 હેઠળ જે વ્યક્તિગત સ્વાતંત્ર્ય (પર્સનલ લિબર્ટી) આપવામાં આવ્યું છે, તેના ઉપર ગંભીર આક્રમણ અનુચ્છેદ 22ની અટકાયતી ધારાઓની જોગવાઇઓ વડે કરવામાં આવ્યું છે. બંધારણે જાણે દરેક વ્યક્તિને અટકાયતનો અધિકાર (રાઇટ ટુ પ્રિએન્ટિવ ડીટેન્શન) આપ્યો છે, પરંતુ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો જુદાં જુદાં સ્વરૂપે





અટકાયતી ધારાઓ બનાવી વ્યક્તિની અટકાયત કરી શકે છે, કરે છે. આવી ધારાઓનાં ઉદાહરણો છે -મિસા, પાસા, મકોકા, વગેરે. જો કે, આવા અટકાયતી ધારાઓનો દુરૂપયોગ અટકાવવાની કેટલીક જોગવાઇઓ બંધારણમાં મોજૂદ છે; છતાં પણ માત્ર શંકાના આધારે વ્યક્તિની અટકાયત કરી શકાય અને તેની વ્યક્તિગત સ્વતંત્રતાને મર્યાદિત કરી શકાય એ વાસ્તવિકતા જ આધુનિક સમાજ માટે અને આધુનિકતાના સંદર્ભે કદી સ્વીકારી જ ના શકાય.

## 6. બાળમજૂરીની વાસ્તવિકતા સંદર્ભે

ગરીબી અને બાળમજૂરી પરસ્પર સંકળાયેલી વાસ્તવિકતાઓ છે. ભારતના સમાજમાં ગરીબીની જેમ જ બાળમજૂરી પણ એક વિકરાળ વાસ્તવિકતા છે. ભારતના બંધારણનું વલણ બાળમજૂરી સંદર્ભે આવકાર્ય નથી અથવા તો કહી શકાય કે, અસ્પષ્ટ અને દુવિધાભર્યું છે. અહીં આપણે એ પણ નોંધવું જોઇએ કે, બાળમજૂરી એ બાળશિક્ષણ માટેનું સૌથી મોટું અવરોધક પરિબળ છે. બંધારણના અનુચ્છેદ 24માં માત્ર ભયજનક ઉદ્યોગો કે વ્યવસાયોમાંથી બાળમજૂરીને નાબૂદ કરવાની જોગવાઇ કરાઇ છે. યાદ રહે કે, અહીં સંપૂર્ણપણે બાળમજૂરી નાબૂદીની વાત નથી. જ્યારે બંધારણમાં બીજી બાજુ માર્ગદર્શક સિદ્ધાંત 39માં બાળકોને રક્ષણ આપવાની તથા તેમના વિકાસમાં આવતા અવરોધોને નાબૂદ કરવાની વાત કરાઇ છે. આ બંને વાતો વચ્ચે સુમેળ કઇ રીતે બેસાડી શકાય, એ અત્યંત વિકટ પ્રશ્ન છે. વાસ્તવમાં અને સાર્થક આધુનિકતાની દૃષ્ટિએ, ભારતમાં મૂળભૂત કાયદાઓ દ્વારા બંધારણે બાળમજૂરીની સદંતર નાબૂદીનો સિદ્ધાંત કોઇપણ પ્રકારની બાંધછોડ વગર સ્વીકારવાની જરૂર હતી.

## 7. મિલ્કતના અધિકાર સંદર્ભે

મિલ્કતનો અધિકાર આધુનિકતાનો એક અગત્યનો ભાગ છે. અગાઉ બંધારણે મિલ્કત મેળવવાનો, ભોગવવાનો તેમજ તેની તબદીલી

(હસ્તાંતર) કરવાની સ્વતંત્રતાને સ્વીકારી હતી; અને કાયદાના આધાર સિવાય અને યોગ્ય વળતર વિના રાજ્ય અથવા અન્ય કોઈના પણ દ્વારા છીનવી ના શકાય એ અંગે જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ, આ મિલ્કતના અધિકારોના આધારે આર્થિક સમાનતા માટેના પ્રગતિશીલ કાયદાઓને ગેરબંધારણીય ગણાવાયા હતા; અને છેવટે 1975માં મિલ્કત વિષયક નાગરિકના સ્વતંત્ર અધિકારોને નાબૂદ કરવામાં આવ્યા. પરિણામે એ અધિકારો મૂળભૂત અધિકારો તરીકે મટી ગયા. એના સ્થાને અનુચ્છેદ 300-એ હેઠળ મિલ્કતના સામાન્ય અધિકારને સ્વીકારવામાં આવ્યો. આ અનુસાર કાયદાની સત્તા વગર કોઈ મિલ્કત છીનવી લેવામાં આવશે નહીં, એવી જોગવાઈ અમલમાં મૂકવામાં આવી. આમ તો, ડાબેરી ક્રાંતિકારીઓ અને પ્રગતિશીલ લોકો ખાનગી મિલ્કતના આધારનો વિરોધ કરે છે; પરંતુ પ્રશ્ન એ ઊભો થાય છે કે, મિલ્કતનો અધિકાર એટલે શું?

મિલ્કતના અધિકારની નાબૂદીની સાથે સાથે સામાન્ય માનવીની સામાન્ય મિલ્કતોનું પણ રક્ષણ જતું રહે છે. આનું કારણ એ છે કે, મિલ્કતનો અધિકાર એક જટિલ (કોમ્પ્લેક્સ)અધિકાર છે. વર્તમાન આધુનિક સમાજમાં મિલ્કત ત્રણ પ્રકારની છે.

1. જાતે ભોગવવાની કે વાપરવાની મિલ્કત, જેમ કે -પોતાનું ઘર, પોતાની જમીન, પોતાના ઉપભોગની ચીજો, વસ્તુઓ વગેરે.

2. પોતાની માલિકીનાં ઉત્પાદનનાં સાધનો, જેનો ઉપયોગ કરી વસ્તુઓ પેદા કરાતી હોય તેવાં સાધનો; જેવાં કે -ગૃહ ઉદ્યોગો, નાનાં ખેતરો વગરે.

3. ઉત્પાદનનાં સાધનો ઉપરની માલિકીનો ઉપયોગ કરી બીજાની મજૂરી -શ્રમ- (લેબર) દ્વારા ઉત્પાદન કરવા માટેનાં સાધનો, જેવાં કે -મોટા ઉદ્યોગો.





આ ત્રીજા પ્રકારની મિલ્કત - ઉત્પાદનનાં સાધનો ઉપરનું આધિપત્ય એ માત્ર મિલ્કતનો જ અધિકાર નથી, પરંતુ તેના ઉપર કામ કરતાં મજૂરો ઉપર પણ અંકુશનું સાધન છે. બીજા શબ્દોમાં, મિલ્કતની માલિકી એ બીજાઓ ઉપર સત્તા જમાવવાનું સાધન છે.

વિવાદ આ ત્રીજા પ્રકારની મિલ્કત વિશેનો હતો, કેમ કે, એ બીજાનાં શોષણનું સાધન બને છે; પહેલા અને બીજા પ્રકારની મિલ્કત વિશે વિવાદ ન હતો, કેમ કે, એ વ્યક્તિગત અને કૌટુંબિક જરૂરિયાત અને ગુજરાન માટેનાં સાધનો છે. વાસ્તવમાં આર્થિક સમાનતાના ઉદ્દેશથી ત્રીજા પ્રકારની મિલ્કતના અધિકારો નાબૂદ કરવાની આવશ્યકતા હતી, પહેલા બે પ્રકારની મિલ્કતોના અધિકારની નહીં કે દરેક પ્રકારની મિલ્કતોના અધિકારને નાબૂદ કરવાની નહીં. આ પ્રકારના વર્ગીકરણ વિના મિલ્કતના અધિકારની નાબૂદી છેવટે ગરીબો અને સામાન્ય માણસોની સામાન્ય મિલ્કતની નાબૂદીમાં પરિણમે છે. વર્તમાન અર્થવ્યવસ્થામાં સામાન્ય માણસો પોતાની મિલ્કતનો કાર્યક્ષમ ઉપયોગ કરતા નથી એવું કારણ આગળ ધરીને સામાન્ય માણસોનો દેશનાં સંસાધનો ઉપરનો ઉપયોગ હટાવી કાર્યક્ષમતા (એફિસિયન્સી) ના નામે રાજ્ય અને મૂડીપતિઓની તરફેણમાં તબદીલી થાય છે. ઉત્પાદનનાં સાધનો અને સામાજિક ભૌતિક સંસાધનો (મટિરિયલ રિસોર્સિઝ ઓફ ધ કમ્યુનિટિ) ઉપર સમાજનો અંકુશ હોવો જોઈએ, ખાનગી વ્યક્તિઓનો નહીં. આજે ભારતમાં મૂડીપતિઓ તો મિલ્કતનો અધિકાર બરાબર રીતે ભોગવે છે, પરંતુ ઝૂંપડાવાસીનું ઝૂંપડું, નાના અને સીમાંત ખેડૂતોની નાની જમીનો, જંગલ ઉપરના આદિવાસીઓના નાના અધિકારો, સામાન્ય ફેરિયા, વેપારીઓની જગ્યાઓ, નાની દુકાનો વગેરેની સલામતી ઝૂંટવાઈ ગઈ છે.

## 8. ધર્મ સ્વાતંત્ર્યના અધિકાર સંદર્ભે

ધર્મ સ્વાતંત્ર્ય વિશેની જોગવાઈ આધુનિકતાની દષ્ટિએ ઘણી વિવાદાસ્પદ છે. દૈવી કે ઈશ્વરીય શક્તિમાં માન્યતા, ધર્મના નામે અંધશ્રદ્ધા, વહેમો,

બુદ્ધિનિષ્ઠા વિનાના વ્યવહારો, રિવાજો અને પરંપરાઓ આધુનિક સમાજના સર્જનમાં વિઘાતક પૂરવાર થાય છે. આમ છતાં, વાસ્તવમાં ધાર્મિક માન્યતા કે શ્રદ્ધા વિશ્વભરમાં લોકોના જીવનનો એક ભાગ છે. માત્ર કાયદો બનાવીને તેને નાબૂદ પણ કરી શકાય એમ નથી. ધર્મનાં બે પાસાં છે. એક - ધર્મની માન્યતા અને તેનું પાલન એ વ્યક્તિગત પાસું છે. બીજું - ધર્મ સામાજિક સમૂહનો પણ પ્રશ્ન છે; જેના દ્વારા વ્યક્તિની ઓળખ (આઈડેન્ટીટી) નક્કી થાય છે. આ પાસાંને કારણે વ્યક્તિ અને ધર્મ બંનેની સ્વતંત્રતા અને સ્વાયત્તતા (ઓટોનોમી) વચ્ચે પણ ઘર્ષણ થાય છે. વ્યક્તિગત ધાર્મિક સ્વતંત્રતાને અમુક માન્યતા આપવામાં ખાસ મુશ્કેલી ઊભી થતી નથી; પરંતુ ધાર્મિક સંપ્રદાય કે સમૂહના ધર્મસ્વાતંત્ર્ય અને સ્વાયત્તતાનો પ્રશ્ન ઘણી મુશ્કેલીઓ ઊભી કરે છે.

ભારતના બંધારણે ભારતને 'હિન્દુરાષ્ટ્ર' જાહેર ન કર્યું એ ઘણું પ્રશંસનીય પગલું છે. ઘણાં લોકોની જોરદાર માંગણીઓ વચ્ચે અને બહુમતિ સામાન્ય લોકોની માન્યતાઆ વચ્ચે પણ એણે બિનસંપ્રદયિકતાનો સ્વીકાર કર્યો. પરંતુ ધર્મસ્વાતંત્ર્ય વિશે એ બંધારણનો અભિગમ દ્વિધાત્મક અથવા દુવિધાજનક રહ્યો છે. એમાં મુખ્ય ખામી એ છે કે, બંધારણે રાજ્ય અને ધર્મ વચ્ચેના સંમિશ્રણને અટકાવવા અથવા ખાળવાની સ્પષ્ટ કોઈ જાહેરાત કરી નથી અથવા તો રાજ્ય અને ધર્મ વચ્ચેની કોઈ સ્પષ્ટ ભેદરેખા બનાવી નથી. બંધારણ એવી જોગવાઈ કરી શક્યું હોત કે, રાજ્ય અને રાજકીય કે જાહેર વ્યવહારોમાં ધર્મ અને ધાર્મિક વિધિઓ કે સંજ્ઞાઓ (પ્રતીકો) નો ઉપયોગ કરવામાં આવશે નહીં. રાજ્ય તથા રાજ્યની કોઈપણ સંસ્થા અથવા જાહેર કાર્યક્રમો ધર્મનિરપેક્ષ રહેશે. આવા સ્પષ્ટ પ્રતિબંધ બંધારણમાં નહીં હોવાના કારણે ભારતમાં રાજ્ય, રાજ્યની સંસ્થાઓ અને જાહેર કાર્યક્રમો, પ્રસંગો મહદ્અંશે ધાર્મિક મંત્રો, પૂજા, યજ્ઞો વગેરેથી શરૂ થાય છે અને તે પણ હિન્દુ ધર્મ અને તેના વિધિવિધાનો મુજબ. બંધારણે વ્યક્તિગત ધર્મસ્વતંત્રતા ઉપર જાહેર વ્યવસ્થા, જાહેર નીતિમત્તા અને જાહેર આરોગ્ય સંદર્ભે કેટલીક મર્યાદાઓ મૂકી છે; પરંતુ તે પૂરતી નથી.





ખરેખર તો બંધારણે વ્યક્તિગત અને સામૂહિક ધર્મસ્વાતંત્ર્ય ઉપર વ્યક્તિગત સ્વાતંત્ર્ય, સમાનતા અને માનવતાના આધારે મર્યાદાઓ મૂકવાની જરૂર હતી. જો એમ થયું હોત તો, ખાસ કરીને સ્ત્રીઓની સમાનતાનો અને ગૌરવનો ભંગ થતો અટકાવી શકાત.

બંધારણમાં અનુચ્છેદ 26 એક વિવાદાસ્પદ અનુચ્છેદ છે. એમાં ધાર્મિક સંપ્રદાયોની આંતરિક સ્વાયત્તતાનો ધાર્મિક બાબતોમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. આ જોગવાઈ ધર્મગુરૂઓ અને સંપ્રદાયોનો વ્યક્તિઓ ઉપર અંકુશ વધારી દે છે. વ્યક્તિગત ધર્મ સ્વતંત્રતા અને અન્ય સ્વતંત્રતાઓ ઉપર નિયંત્રણો લાદવાની સત્તા ધર્મગુરુઓ અને સંપ્રદાયોને મળે છે. આ સંપ્રદાયોના ધાર્મિક વ્યવહારોમાં પણ, ખાસ કરીને જ્યારે સમાજ કે વ્યક્તિના જીવનનાં બધાં જ પાસાંઓ ધર્મ સાથે એક યા બીજી રીતે સંકળાયેલાં હોય ત્યારે, ઊંચનીચના ભેદભાવો તેમજ સ્ત્રીઓના અધિકારો ઉપર મરાતી તરાપને અંકુશમાં લાવી શકાતી નથી. વ્યક્તિને સંપ્રદાયમાંથી હાંકી કાઢવાની સત્તાને તો સર્વોચ્ચ અદાલતે પણ માન્ય કરી છે. સાંપ્રદાયિક સ્વાયત્તતા વાસ્તવમાં સમાજસુધારા અને પ્રગતિશીલતા માટે બાધક પૂરવાર થાય છે.

સાંપ્રદાયિક જૂથો કે તેના વડાઓ પાસે અઢળક મિલ્કતો એકઠી થયેલી છે. તેના પર નિયંત્રણ મૂકવું અશક્ય બની ગયું છે. આવા સંપ્રદાયોની ચુંગાલમાંથી વ્યક્તિને મુક્ત કઈ રીતે કરવો - એ એક મુશ્કેલ સવાલ બની ગયો છે. વાસ્તવમાં સંપ્રદાયની પક્કડમાંથી વ્યક્તિને મુક્ત કરવાની વાત તો દૂર રહી, દેશમાં ધાર્મિકતા (રિલિજીયોસિટી)નો પ્રભાવ વ્યક્તિઓ અને સમાજ ઉપર વધતો જાય છે. આ વધતી જતી ધાર્મિકતા ધાર્મિક ઝનૂનમાં ક્યારે પરિણમે એ કહી શકાતું નથી.

બંધારણની ધર્મને લગતી આવી વિવાદાસ્પદ જોગવાઈઓને કારણે દેશમાં ધર્મોની પકડ વધુ મજબૂત અને વ્યાપક બનતી ગઈ છે. આધુનિકતાના સંદર્ભે અથવા તો સમાજને અને વ્યક્તિને આધુનિકતા તરફ આગળ

વધવાના, વધારવાના માર્ગમાં બંધારણની આ જોગવાઈઓ બાધક નીવડી રહી છે.

## 9. અનામત વ્યવસ્થાના સંદર્ભે

બંધારણમાં ગોઠવાયેલી અનામત માટેની જોગવાઈ - એક વધુ વિવાદાસ્પદ મુદ્દો છે. આઝાદી સમયે દલિતો અને આદિવાસીઓ હાંસિયામાં હડસેલાઈ ગયેલા સમુદાયો હતા, એમની ઉન્નતિ માટેના પ્રશ્નો આગવા હતા. આદિવાસીઓ હાંસિયાકૃત સ્થિતિમાં હતા અને દલિતો અસ્પૃશ્યતાના કારણે અમાનવીય અવસ્થાથી પીડાતા હતા. આ બંને સમુદાયોને સમાજના અન્ય સમુદાયો સાથે સમાનતાની સપાટી પર કેમ લાવવા તે વિકટ સવાલ હતો. બંધારણ સભાના અગ્રણી ડો. આંબેડકર અને અન્ય પ્રગતિશીલ સભ્યોએ આ સમુદાયોને સત્તામાં ભાગીદાર બનાવવા માટે ત્રણ મહત્વના સત્તાકેન્દ્રોમાં અનામત (રિઝર્વેશન)નો સિદ્ધાંત સ્વીકાર્યો.

(અ) સંસદ અને રાજ્યોની વિધાનસભાઓમાં, અને હવે પંચાયતી સંસ્થાઓમાં આ સમુદાયની વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી.

(બ) અનુચ્છેદ 16 હેઠળ સરકારી નોકરીઓમાં આ સમુદાયો માટે અનામત રાખવાની સત્તા રાજ્યોને આપવામાં આવી.

(ક) શિક્ષણ ક્ષેત્રે પણ અનામતની જોગવાઈની સત્તા રાજ્યને આપવામાં આવી.

આ ત્રણેય ક્ષેત્રોમાં અનામત દ્વારા દલિતો અને આદિવાસીઓનું સશક્તિકરણ (એમ્પાવરમેન્ટ) અને એમની ઉન્નતિ (અપગ્રેડેશન) કરવાનો આશય હતો. આ જ હેતુઓસર અન્ય સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (સોશિયલી એજ્યુકેશનલી બેકવર્ડ અથવા અધર બેકવર્ડ ક્લાસ - ઓ.બી.સી.) વર્ગોને માટે અનામતની વ્યવસ્થા મંડલ કમિશન અને





રાજ્યોમાં પોતાનાં કમિશનનોની ભલામણો મુજબ દાખલ કરવાની જોગવાઈઓ કરવામાં આવી.

આ તમામ જોગવાઈઓનો મૂળ હેતુ સમાજમાં સમાનતા હાંસલ કરવાનો હતો અને આજે પણ છે જ. અલબત્ત, બંધારણના અમલના 60 વર્ષ પછી પણ આ વર્ગો ન તો સમાન થયા છે, ન સશક્ત થયા છે. આટલા સમય પછી પણ બંધારણની આ વ્યવસ્થાનો મૂળભૂત હેતુ સિદ્ધ ન થવા પાછળ જવાબદાર કોણ? અનામતની વ્યવસ્થા પોતે ? કે પછી એનું અમલીકરણ? દલિતો અને અન્ય પછાત વર્ગોએ અનામતનો ઠીકઠાક લાભ લીધો પરંતુ વાસ્તવમાં દલિતોની સામાજિક સ્થિતિમાં ખાસ ફરક પડયો નહીં. ઘણાં પછાત વર્ગો મજબૂત થયા, પરંતુ સાથે સાથે અન્ય (જેઓ ઓ.બી.સી. ની યાદીમાં નહોતા તેવાં) સમુદાયો-વર્ગોએ પણ પોતાને પછાત વર્ગમાં ગણી અનામત માટેની માંગણીઓ અને આંદોલનો શરૂ કર્યા. આદિવાસીઓ અનામતનો પૂરતો લાભ ન લઈ શક્યા.

પરિણામે આજે સવાલ એ ઊભો થયો છે કે, અનામત પ્રથા જે અલ્પસમય મર્યાદા માટે સ્વીકારવામાં આવી હતી, તે આજે લગભગ કાયમી બની ગઈ છે. બંધારણની આ વ્યવસ્થા દ્વારા આપણે જે ઈચ્છતા હતા- વર્ણવ્યવસ્થાની નાબૂદ- તેનાથી ઊલટું જ પરિણામ આવ્યું. જાતિવ્યવસ્થા સમાજમાં વધુ મજબૂત બની છે. ચૂંટણીલક્ષી રાજકારણે તેને વધુ મજબૂત બનાવી છે. તો શું આ જ્ઞાતિવ્યવસ્થા કાયમી જ રહેશે? બંધારણે સ્વીકારેલા આધુનિકતાના પાયા સમાન સમાનતા અને બંધુત્વનાં મૂલ્યોનું શું થશે? આ મૂલ્યો હાંસલ કરવા માટે અનામત સિવાય બીજા માર્ગો છે? આ સવાલો આજના ઘણાં પ્રગતિશીલ અને લોકશાહીમાં વિશ્વાસ ધરાવતા લોકોને મુંઝવી રહ્યા છે. આ પ્રશ્નોના જવાબો બુદ્ધિનિષ્ઠા (રેશનલી) અને તાર્કિકતા (રિઝનેબલી)થી શોધવા પડશે. જો એમ નહીં થાય તો ભારતીય સમાજ નાત-જાતમાં વહેંચાયેલો રહેશે અને તેમાંથી ઘણાં બિનજરૂરી ઘર્ષણોનો પેદા થશે.

## 10. સમાન નાગરિક ધારા વિશેના વિવાદ

આધુનિકતાની દૃષ્ટિએ એક અત્યંત મહત્વનો વિવાદાસ્પદ સવાલ 'સમાન નાગરિક ધારો' (યુનિફોર્મ સિવિલ કોડ) અંગેનો છે. ભારતમાં સદીઓથી અલગ અલગ ધર્મના લોકો માટે અલગ અલગ ધર્મગત, સમુદાયગત નીતિનિયમો, કાનૂનો અસ્તિત્વ ધરાવતા હતા. બંધારણમાં પણ અલગ અલગ ધર્મગત સમુદાયો માટે અલગ અલગ કાનૂનો (પર્સનલ લોઝ)નો સ્વીકાર કરવામાં આવ્યો છે; જેમ કે -હિન્દુ પર્સનલ લો, મુસ્લીમ પર્સનલ લો વગેરે. બ્રિટીશ શાસન દરિમયાન અને આઝાદી પછી પણ ઘણાંખરાં નાગરિક ક્ષેત્રોમાં એકસમાન કાયદાઓ અમલમાં લાવવામાં આવ્યા છે; પરંતુ લગ્ન અને કૌટુંબિક બાબતોમાં પોતપોતાના ધર્મ પ્રમાણેનો ધાર્મિક કાયદો પ્રવર્તે છે; જેમ કે - લગ્ન, છૂટાછેડા, વારસાઇ, બાળકોની જાળવણી વગરે બાબતો. આ પ્રકારના પર્સનલ લોઝના બદલે તમામ નાગરિકો માટે સમાન ધારો કેમ ના લાવવો જોઇએ તેની ચર્ચા બંધારણ સભામાં થયેલી. આવા કાયદા માટેની માંગણી માટેનાં કારણો જુદા જુદા હતા. એક તો, ધર્મનિરપેક્ષ (સેક્યુલર) બંધારણમાં ધર્મ આધારિત કાયદાઓ ન હોવા જોઇએ- એવી દલીલ હતી. તો વળી કેટલાંકનું માનવું હતું કે, અલગ અલગ કાયદાઓ ભારતની એકતા માટે ખતરારૂપ છે. ત્રીજું કારણ એ હતું કે, ધાર્મિક કાયદાઓ બુદ્ધિનિષ્ઠ (રેશનલ) નથી અને ખાસ કરીને સ્ત્રીઓને અન્યાય કરનારા છે. આ ત્રણેયમાં પહેલું કારણ સાચું અને મહત્વનું છે; પરંતુ જ્યાં સુધી ધર્મ છે અને ભારત જેવા દેશમાં ધર્મનું વર્ચસ્વ જનમાનસ ઉપર અત્યંત મજબૂત હોય ત્યારે ધાર્મિક કાયદાઓને નાબૂદ કરવા અત્યંત મુશ્કેલ છે. સમાન નાગરિક ધારા માટે અપાયેલ બીજું કારણ ગળે ઉતરે એવું નથી; કેમ કે, વૈયક્તિક અને કૌટુંબિક ક્ષેત્રોમાં અલગ અલગ કાયદા હોવાથી દેશની એકતા તૂટી જશે - એવી માન્યતામાં ખાસ દમ નથી. ઘણાં રાજ્યોમાં વિવિધ પ્રકારના લોકો માટે વિવિધ કાયદાઓ હોય છે; દા.ત. કેનેડામાં ફ્રેચ પ્રજા માટે ફ્રેચ લો અને અંગ્રેજ





પ્રજા માટે ઇંગ્લિશ લો ચાલે છે. અલબત્ત, ત્રીજું કારણ મહત્વનું છે; કેમ કે, પર્સનલ લોઝ જૂનાપુરાણાં ધાર્મિક ખ્યાલો અને રિવાજો ઉપર રચાયેલા છે અને એમાં અસમાનતા, અન્યાય અને સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવ વ્યાપ્ત છે. આ દૂષણો દૂર કરવા પર્સનલ લોઝમાં ફેરફાર કરવા જરૂરી છે. સૌથી મહત્વનો સવાલ માત્ર એ છે કે, આ પર્સનલ લોઝની જગ્યાએ એકસમાન નાગરિક ધારો (કોમન સિવિલ કોડ) લાવવો કે પછી આ કાયદાઓમાં ફેરફાર કરી તેમને સમાન (યુનિફોર્મ)બનાવવા. આમાંનો પહેલો રસ્તો અપનાવવામાં ઘણાં જોખમો છે અને એ ભયજનક પણ નીવડી શકે છે. વૈયક્તિક અને કૌટુંબિક ક્ષેત્રો માણસની ધાર્મિક ભાવનાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. એ દૃષ્ટિએ ધાર્મિક કાયદાની નાબૂદીનો મતલબ એ થાય કે, માણસની સામાજિક, ધાર્મિક સ્વાયત્તતા (આઇડેન્ટીટી) ઉપર હુમલો કરવો. આ ઉપરાંત, આવા કાયદા નાબૂદ કરવાથી કોઇપણ ધાર્મિક લઘુમતિ ઉપર ધાર્મિક બહુમતિ પોતાના વિચારો-વલણો-માન્યતાઓ લાદી પણ શકે, અને એ લઘુમતિ સમુદાયો ઉપર બહુમતિ સમુદાયના વર્ચસ્વનું શસ્ત્ર પણ બની શકે. દા.ત. યુનિફોર્મ સિવિલ કોડની માંગણી હિન્દુત્વવાદીઓ દ્વારા મુસ્લિમો ઉપર હુમલો કરવા અને વર્ચસ્વ જમાવવા માટે કરવામાં આવે છે. હિન્દુત્વવાદીઓની આ માગણીના કારણે મુસ્લિમોમાં પણ પ્રગતિશીલ અને ઉદારવાદી વિચારસરણી ધરાવતા લોકો મુંઝવણમાં મૂકાઇ જાય છે. આને કારણે સૌથી સારો રસ્તો પર્સનલ લોઝમાં ન્યાયી સુધારા કરવાનો અને તેને માટે લાગતાવળગતા ધર્મોના લોકો દ્વારા પર્સનલ લોઝમાં સુધારા, ફેરફાર માટે ઝુંબેશ ચલાવવાનો જ છે. ઘણા મુસ્લિમ દેશોમાં કાયદા દ્વારા અથવા કુરાનના વાજબી (રિઝનેબલ) અને ગતિશીલ / અર્થસભર (ડાયનેમિક) અર્થઘટન દ્વારા આ મુજબના ફેરફારો કરવામાં આવ્યા છે. સ્ત્રીઓની સમાનતાની માંગણી કરતાં સ્ત્રી-પુરુષોએ મુસ્લિમ સ્ત્રીઓમાં સમાનતાની ભાવના અને તે માટેનો આગ્રહ પેદા કરવા પ્રયત્ન કરવો જોઇએ.

આ જ કારણોસર બંધારણે સમાન નાગરિક ધારા (કોમન સિવિલ કોડ)ની જગ્યાએ એકધારા નાગરિક ધારા (યુનિફોર્મ સિવિલ કોડ)ની વાત કરી છે. બધાં માટે એક ધારો નહિ, પરંતુ એકધારો કાયદો. વળી એક બીજી વાસ્તવિકતા આપણે ધ્યાનમાં લેવી અત્યંત જરૂરી છે કે, આ ક્ષેત્ર એટલું સંવેદનશીલ (સેન્સીટિવ)છે કે, તેમાં માત્ર કાયદા દ્વારા ફેરફાર કરવાથી વ્યવહારમાં પરિવર્તન નહીં આવે. ઉદાહરણ તરીકે જોઈએ તો, હિન્દુ પર્સનલ લોમાં દીકરા અને દીકરીઓ વચ્ચે સરખો વરસાઈ હક્ક આપવામાં આવ્યો છે, પરંતુ દીકરીઓને આ લાભથી એક યા બીજા કારણે વંચિત રાખવામાં આવે છે. એક પત્નીત્વનો કાયદો હોવા છતાં હિન્દુસમાજમાં બીજું લગ્ન મોટા પ્રમાણમાં વ્યાપ્ત છે. આ કારણોસર, આ પ્રકારની વ્યક્તિગત, કૌટુંબિક બાબતોમાં માત્ર કાયદા દ્વારા આધુનિક મૂલ્યો લાવી ના શકાય, તેને માટે સામાજિક આંદોલનની આવશ્યકતા રહે છે.

ભારતના બંધારણની આ વિવાદાસ્પદ બાબતો આધુનિકતાના પાયાગત મૂલ્યો માટે અવરોધક ગણી શકાય. આ બાબતો માટે દેશમાં વ્યાપક ચર્ચાઓ કરવી જરૂરી છે. ઉપરાંત, કેટલીક વિવાદાસ્પદ બાબતો માટે સામાજિક અંદોલનોની પણ જરૂર છે. જો આ બંનેનો સમન્વય સધાય તો જ આપણે બંધારણને સાર્થક આધુનિકતા ભણી દોરી જઇ શકીએ.





# પ્રકરણ - 6

## સમાપન

અત્યાર સુધી આપણે આધુનિકતાના સંદર્ભે ભારતના બંધારણનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ વર્તમાન ભારતના સમાજ ઉપર નજર નાંખીએ તો વાસ્તવિકતાઓ ઘણી જુદી અને વધુ ચિંતાજનક દેખાય છે. આજે દેશ ધર્મશ્રદ્ધા, ધર્મઝનૂન, ધાર્મિક ક્રિયાકાંડોથી ઘેરાયેલો છે. માત્ર સમાજ જ નહીં, રાજ્ય પણ એમાંથી બાકાત નથી. રાજ્યના કાર્યક્રમો અને જાહેર પ્રસંગોમાં ધાર્મિક વિધિવિધાનો અને યજ્ઞો-પૂજાઓનો બેધડક ઉપયોગ થાય છે. આણુશક્તિ (એટમિક એનર્જી)ના કારખાનાના ઉદ્‌ઘાટન પ્રસંગે કે મોટર-ગાડીઓના ઉદ્યોગોના ઉદ્‌ઘાટન પ્રસંગે નાળિયેર ફોડવામાં આવે છે; બ્રાહ્મણ-પૂજારીઓને બોલાવી યજ્ઞો કરવામાં આવે છે.

આની સાથે-સાથે વહેમ, અંધશ્રદ્ધા પણ સમાજમાં ઊંડે સુધી વ્યાપેલી વાસ્તવિકતા છે. બીજી તરફ તથ્ય, તર્ક (લોજીક) અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ પરનો અવિશ્વાસ પણ એટલો જ મજબૂત છે. અસમાનતાનાં મૂલ્યો સમાજના મૂળમાં છે. મનુષ્ય પ્રત્યેનો આદર ભાગ્યે જ સમાજમાં દેખાય છે. સ્ત્રીઓ સાથેના અત્યાચારો, દલિતો પ્રત્યેનો ભેદભાવ અને એમની સાથે આચરાતી હિંસા, સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા, આદિવાસીઓને આજે પણ જંગલી માનવાની પ્રથા- આ તમામ આજે પણ સમાજમાં વ્યાપ્ત છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં માત્ર તાલીમ (ટ્રેઇનીંગ) અને માહિતી (ઇન્ફર્મેશન) આપવામાં આવે છે. ત્યાં વૈજ્ઞાનિક અભિગમ, સત્ય શોધવાની ઝંખનાને ઉત્તેજન નથી અપાતું. અજ્ઞાન, વહેમો, અંધશ્રદ્ધા સામે પડકાર ફેંકવાનું - પડકાર ઝીલવાનું પ્રોત્સાહન કે શિક્ષણ નથી અપાતું. ત્યાં સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ અને માનવગૌરવ જેવાં આધુનિકતાનાં પાયાગત મૂલ્યો વિશે કોઇ ચર્ચાઓ થતી નથી. વિદ્યાર્થીઓમાં આધુનિકતા પ્રત્યેની સભાનતા કેળવાય અને તેમનામાં એ માટેની જાગૃતિ કેળવાય એ માટેના પ્રયાસો થતાં નથી.

મહદ્અંશે લગ્નમાં કે કુટુંબમાં સ્ત્રીઓની સ્વતંત્રતા અને સમાનતાનો તદ્દન અભાવ જોવા મળે છે. આજે પણ સમાજમાં ગરીબી, આર્થિક અસમાનતા, અન્યાય, જુલ્મ, ધિક્કાર, અસહિષ્ણુતા, હિંસા ચોતરફ જોવા મળે છે. જે કાંઇ પરિવર્તનો જોવા મળે છે તે માત્ર ઉપરછલ્લાં, છીછરાં અને ખોખલાં પૂરવાર થઇ રહ્યાં છે. પરિણામે આજે દેશમાં જૂનવાણી વિચારો, રિવાજો, પરંપરાગત વ્યવહારો જોવા મળી રહ્યાં છે અને એમાં વર્તમાન આધુનિક યુગનાં અનિષ્ટો પણ સામેલ થઇ ગયેલાં જણાય છે.

આ સમાજને બદલવા માટે આદર્શોની જરૂર છે અને બંધારણે એ આદર્શો આપણને આપ્યાં છે; પરંતુ એ આદર્શોને વાસ્તવમાં ઉતારવા માટે જરૂરી છે - સામાજિક ક્રાંતિ (સોશિયલ રેવોલ્યૂશન), લોકક્રાંતિ (પીપલ્સ રેવોલ્યૂશન). નવો સમાજ બનાવવા માટે પુરૂષાર્થની જરૂર છે, સંઘર્ષોની જરૂર છે. ભારતના બંધારણે આપેલ મૂલ્યોને પોથીમાંથી બહાર લાવીને સમાજ અને વ્યક્તિના જીવનમાં સાકાર કરવા માટે શું આપણે તૈયાર છીએ?

આ ઉપરાંત, આપણે એ પણ સમજવાની જરૂર છે કે, પશ્ચિમના આધુનિક ગણાતા દેશોમાં પણ બંધારણોમાં આધુનિકતાનાં કેટલાંક અંશે જ સ્વીકારવામાં આવ્યા છે, બધાં જ મૂલ્યો નહીં. વળી આ દેશોમાં અસ્તિત્વ ધરાવતી બધી જ સંસ્થાઓને આધુનિક ગણવાની ભૂલ ના કરવી જોઇએ.





અમર્યાદિત વ્યક્તિવાદ ક્યારેય સ્વીકાર્ય ન હોઇ શકે. વિભક્ત કુટુંબ (ન્યૂક્લિયર ફેમિલી)નો વિચાર તપાસવા જેવો છે. ભોગવાદ (કન્ઝયુમરિઝમ)કદી સ્વીકારી ન શકાય. લોભ, હરિફાઇ, બીજાને પાડીને આગળ વધવાની વૃત્તિ, પોતાનો જ સ્વાર્થ અને કેરિયરને ધ્યાનમાં રાખવાની સ્વાર્થવૃત્તિ, એકલવાયું જીવન, જીવનની તમામ શક્તિઓને બદલે માત્ર ભૌતિક શક્તિઓને જ ખીલવવાની વૃત્તિ, કુટુંબ વ્યવસ્થાનો નાશ વગેરે આધુનિકતાને અભિપ્રેત નથી; એ બધું આધુનિક છે પણ નહીં. અલબત્ત, લગ્ન વ્યવસ્થા વિશે ચર્ચા જરૂરી છે; ખાસ કરીને સ્ત્રીઓની ઉન્નતિ અને સ્વતંત્રતા સંદર્ભે. જીવન અને સમાજ વિશેના ચોક્કસ માળખાંઓ અને વિચારોથી મુક્ત થવાની જરૂર છે; જો એમ થશે, તો જ આધુનિકતા ભણી આગળ વધી શકાશે. કેમ કે, આધુનિકતાનું મુખ્ય મૂલ્ય છે - દરેક વાસ્તવને પડકારો અને દરેક વિચાર, અવરોધ અને વ્યવસ્થાને ટીકાત્મક રીતે ચકાસો. (ચેલેન્જ એવરી થીંગ એન્ડ એક્ઝામીન ક્રીટીકલી એવરી આઇડિયા, ઇન્હીબિશન્સ, સિસ્ટમ).

અંતમાં, ફરીથી એટલું જ કે, ભારતના બંધારણે મોટાભાગનાં આધુનિક મૂલ્યોનો સ્વીકાર કરેલો જ છે; અને તેને અમલમાં લાવવાની જવાબદારી રાજ્ય ઉપર લાદવામાં આવી છે. ભારતમાં વિડંબના એ છે કે, એક તરફ બંધારણે સ્વીકારેલ મૂલ્યોને મૂર્ત કરવાનાં છે તો બીજી તરફ ધર્મ અને સમાજ છે. ધર્મની રૂઢિચૂસ્તતા ઉપરાંત નાત-જાત અને ધર્મના ભેદભાવો ઉપર રચાયેલ અન્યાયી, અસમાન અને પરંપરાવદી રૂઢિચૂસ્ત સમાજ સામે રાજ્યે નવા આદર્શો અને આધુનિકતાનાં મૂલ્યો માટે ઝઝૂમવાનું છે. પરંતુ રાજ્યની ધૂરા કોના હાથમાં છે? લોકશાહી રાજ્યવ્યવસ્થામાં લોકોના પ્રતિનિધિઓ જ લોકશાહીની સંસ્થાઓના સભ્યો બને છે. આ પ્રતિનિધિઓ સામાજિક, ધાર્મિક માન્યતાઓ અને વ્યવહારોથી બંધાયેલા હોય છે. પરિણામે, આ પ્રતિનિધિઓ દ્વારા રચાયેલી સરકારો નવાં મૂલ્યો કેવી રીતે સ્વીકારે? રાજ્ય પોતે એકલું કાંઇ કરી શકે નહીં, કેમ કે - રાજ્ય તો એક ખ્યાલ છે, તેનું સંચાલન વ્યક્તિઓ,લોકો દ્વારા થાય છે.

આ કારણે, આધુનિક મૂલ્યોને સાકાર કરવા માટે સામાજિક ક્રાંતિની જરૂર છે. બંધારણે તો નવી દિશાઓ બતાવી છે, માર્ગ પણ બતાવ્યા છે; પરંતુ એ દિશાઓ તરફ, માર્ગો ઉપર ચાલી શકે એવો સમાજ તૈયાર કરવો હજી બાકી છે. એ તૈયારી ક્રાંતિ વિના શક્ય નથી; અને ક્રાંતિ વગર આધુનિકતાના આદર્શો માત્ર બંધારણમાં જ રહેશે.





# પરિશિષ્ટ - 1


# બંધારણની કેન્દ્રીય સમિતિનાં સભ્યોનો ટૂંક પરિચય

## 1. ડૉ. ભીમરાવ રામજી આંબેડકર



- **હોદ્દો** : બંધારણ સભાની મુસદ્દા લેખન સમિતિના અધ્યક્ષ
  ભારતના પ્રથમ કાનૂન મંત્રી
- **સંગઠન** : સમતા સૈનિક દળ;
  ઈન્ડિપેન્ડન્ટ લેબર પાર્ટી
  શિડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન
- **અભ્યાસ**: મુંબઈ યુનિવર્સિટી.
  કોલમ્બિયા યુનિવર્સિટી.
  લંડન યુનિવર્સિટી.
  લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ
- **ધર્મ** : બૌધ્ધ
- **જન્મ** : 14 એપ્રિલ, 1891 (મહુ – મધ્યપ્રદેશ)
- **મૃત્યુ** : 6 ડીસેમ્બર, 1956 (દિલ્હી)

## 2. સરોજિની નાયડૂ



- **હોદ્દો** : ભારતની બંધારણ સભાની કેન્દ્રીય સમિતિના સભ્ય
- **સંગઠન** : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
- **અભ્યાસ** : કીંગ્સ કોલેજ (મદ્રાસ યુનિવર્સિટી)
  ગિર્ટન કોલેજ (કેમ્બ્રિજ યુનિવર્સિટી)
- **ધર્મ** : હિન્દુ
- **સિધ્ધિ** : 1947ની એશિયન રિલેશન્સ કોન્ફરન્સનાં અધ્યક્ષ.
  પ્રથમ મહિલા રાજ્યપાલ (ઉત્તર પ્રદેશ)
  ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રમુખ.
- **વ્યવસાય** : જાણીતા કવિ, લેખક, સામાજિક કાર્યકર
- **જન્મ** : 13 ફેબ્રુઆરી, 1879 (હૈદ્રાબાદ)
- **મૃત્યુ** : 2 માર્ચ, 1949 (લખનૌ)





## 3. ડો. રાજેન્દ્ર પ્રસાદ



- **હોદ્દો** : બંધારણ સભાની કેન્દ્રીય સમિતિના સભ્ય.
  ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ અને પ્રથમ રાષ્ટ્રપતિ.
- **સંગઠન** : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
- **વ્યવસાય** : વકીલાત – સ્વાતંત્ર્ય સેનાની
- **ધર્મ** : હિન્દુ
- **સિધ્ધિ** : ભારત રત્ન
- **જન્મ** : 3 ડિસેમ્બર, 1884 (ઝીરાદેઇ – બિહાર)
- **મૃત્યુ** : 28 ફેબ્રુઆરી, 1963 (પટણા)

## 4. મૌલાના અબુલ કલામ આઝાદ



- **હોદ્દો** : બંધારણ સભાની કેન્દ્રીય સમિતિના સભ્ય
  ભારતના શિક્ષણ મંત્રી
- **સંગઠન** : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
- **ધર્મ** : ઈસ્લામ
- **વ્યવસાય** : પત્રકાર – સ્વાતંત્ર્ય સેનાની
- **સિધ્ધિ** : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ
  (1923 અને 1940)

  ભારત રત્ન (મૃત્યુ બાદ -1992)
- **જન્મ** : 11 નવેમ્બર, 1888 (મક્કા સાઉદી અરેબિયા)
- **મૃત્યુ** : 22 ફેબ્રુઆરી, 1958





## 5. સરદાર હુકમ સિંઘ



- **હોદ્દો** : ભારતની બંધારણ સભાની કેન્દ્રીય સમિતિના સભ્ય
- **સંગઠન** : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
- **સિધ્ધિ** : ભારતની લોકસભાના અધ્યક્ષ (1962 – 1967)
  રાજસ્થાનના રાજ્યપાલ (1967 – 1972)
- **જન્મ** : 30 ઓગસ્ટ, 1985 (મોન્ટગોમરી - પાકિસ્તાન)
- **મૃત્યુ** : 27 મે, 1983 (દિલ્હી)

## 6. શ્યામાપ્રસાદ મુખર્જી



- **હોદ્દો** : બંધારણ સભાના કેન્દ્રીય સમિતિના સભ્ય
  ભારતના પ્રથમ ઉદ્યોગ અને પૂરવઠા મંત્રી
- **સંગઠન** : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
  ભારતીય જનસંઘ (સ્થાપક સભ્ય)
- **અભ્યાસ** : એમ.એ.(કલકત્તા યુનિવર્સિટી)
  બી. એલ. (કલકત્તા યુનિવર્સિટી)
  બારીસ્ટર (લિંકન્સ ઈન)
- **ધર્મ** : હિન્દુ
- **સિધ્ધિ** : કલકત્તા યુનિવર્સિટી વાઈસ ચાન્સેલર
  (1934 – 1938)
- **વ્યવસાય** : વકીલાત – રાજનીતિ


જન્મ : 6 જુલાઈ 1901 (કલકત્તા)

મૃત્યુ : 23 જૂન 1953





## 7. જવાહરલાલ નહેરૂ



- **હોદ્દો** : બંધારણ સભાની કેન્દ્રીય સમિતિના સભ્ય
  ભારતના પ્રથમ વડાપ્રધાન
- **સંગઠન** : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
- **અભ્યાસ** : ટ્રિનિટી કોલેજ ( કેમ્બ્રિજ યુનિવર્સિટી)
  ઈન્સ આફ કોર્ટ
- **ધર્મ** : નાસ્તિક – હિન્દુ
- **વ્યવસાય** : વકીલાત – સ્વાતંત્ર્ય સેનાની
- **જન્મ** : 14 નવેમ્બર, 1889 (અલ્હાબાદ – ઉત્તરપ્રદેશ)
- **મૃત્યુ** : 27 મે, 1964 (નવી દિલ્હી)

# પરિશિષ્ટ - 2

## બંધારણ સભાની મહત્વની સમિતિઓ તથા

### તેના અધ્યક્ષોની સૂચિ

| | | |
|---|---|---|
| 1. | પ્રક્રિયાના નિયમો માટેની સમિતિ | **રાજેન્દ્ર પ્રસાદ** |
| 2. | સંચાલન સમિતિ | **રાજેન્દ્ર પ્રસાદ** |
| 3. | ભંડોળ અને કર્મચારીઓ માટેની સમિતિ | **રાજેન્દ્ર પ્રસાદ** |
| 4. | પ્રમાણપત્ર સમિતિ | **અલ્લાદિ ક્રિશ્નાસ્વામી ઐયર** |
| 5. | ગૃહ સમિતિ | **બી. પટ્ટાભિ સીતારામૈયા** |
| 6. | કાર્યપધ્ધતિ સમિતિ | **ક.મા.મુનશી** |
| 7. | રાષ્ટ્ર ધ્વજ માટેની કામચલાઉ સમિતિ | **રાજેન્દ્ર પ્રસાદ** |
| 8. | બંધારણ સભા માટેની કાર્યપ્રણાલિ સમિતિ | **જી.વી. માવળંકર** |
| 9. | રાજ્યોની સમિતિ | **જવાહરલાલ નહેરૂ** |
| 10. | મૂળભૂત અધિકારો, લઘુમતિઓ અને આદિજાતિઓ, તેમજ અલગ રહી ગયેલ વિસ્તારો માટેની સલાહકાર સમિતિ | **વલ્લભભાઈ પટેલ** |





| | | |
|---|---|---|
| 11. | લઘુમતિઓ માટેની પેટાસમિતિ | **એચ.સી. મુખર્જી** |
| 12. | મૂળભૂત અધિકારો માટેની પેટા સમિતિ | **જે.બી. કૃપાલણી** |
| 13. | આસામ સિવાયના અને આંશિકરીતે અલગ રહી ગયેલ વિસ્તારો સિવાયના ઉત્તર-પૂર્વ આદિજાતિ વિસ્તારો માટેની પેટા સમિતિ | **ગોપીનાથ બારડોલોઇ** |
| 14. | અલગ રહી ગયેલ અને આંશિકરીતે અલગ રહી ગયેલ વિસ્તારો (આસામ સિવાયના) માટેની પેટા સમિતિ | **એ.વી. ઠક્કર** |
| 15. | સંઘીય સત્તા સમિતિ | **જવાહરલાલ નહેરૂ** |
| 16. | સંઘીય બંધારણ સમિતિ | **જવાહરલાલ નહેરૂ** |
| 17. | મુસદ્દા લેખન સમિતિ | **બી.આર.આંબેડકર** |

# પરિશિષ્ટ - 3

## પ્રાંત / રાજ્યવાર બંધારણ સભાના સભ્યોની સૂચિ

**1. મદ્રાસ** **સભ્યો**

1. એ.વી. અલગેશન
2. શ્રીમતિ અમ્મુ સ્વામિનાથન
3. એમ. અનંતશયનમ આયંગાર
4. મોટુરિ સત્યનારાયણ
5. શ્રીમતિ દક્ષાયણી વેલાયુધન
6. શ્રીમતિ જી. દુર્ગાબાઇ
7. કલા વેંકટ રાવ.
8. એન. ગોપાલસ્વામી આયંગાર
9. ડી. ગોવિંદ દાસ
10. રેવરન્ડ જે રોમ ડિસોઝા
11. પી. કક્કડન
12. ટી.એમ. કાલિયાન્નન ગૌંદર
13. કે.કામરાજ
14. વી.સી. કેશવરાવ
15. ટી.ટી. ક્રિશ્નમાચારી
16. અલ્લાદિ ક્રિશ્નાસ્વામી ઐયાર
17. એલ. ક્રિશ્નાસ્વામી ભારતી





18. પી. કુન્હીરામન
19. માસાલિકાન્તિ તિરૂમાલા રાવ
20. વી.આઇ. મુનિસ્વામી પિલ્લાઇ
21. એમ.એ. મુથૈય્યા ચેત્તિયાર
22. વી. નદીમુથુ પિલ્લાઇ
23. એસ. નાગપ્પા
24. પી.એલ. નરસિંહા રાજુ
25. બી. પટ્ટાભિ સીતારામૈયા
26. સી. પેરૂમલસ્વામી રેડ્ડી
27. ટી. પ્રકાશમ
28. એસ.એચ.પ્રતેર
29. બોબિલીના રાજા સ્વેતાચલપતિ રામક્રિશ્ના રંગારાવ
30. આર.કે. શણ્મુખમ ચેટ્ટી
31. ટી.એ. રામાલિંગમ ચેટ્ટિયાર
32. રામનાથ ગોએન્કા
33. ઓ.પી. રામસ્વામી રેડ્ડિયાર
34. એન.જી. રંગા
35. નીલમ સંજીવ રેડ્ડી
36. શ્રીશેખ ગાલિબ સાહેબ
37. કે. શાંતાનમ
38. બી. શિવરાવ
39. યુ. શ્રીનિવાસ મલ્લયા
40. કલ્લુર સુબ્બારાવ
41. પી. સુબ્બારાયન

42. સી. સુબ્રમાણ્યમ
43. વી. સુબ્રમાણ્યમ
44. એમ.સી. વીરબાહુ
45. પી.એમ. વેલાયુદપાણી
46. એ.કે. મેનન
47. ટી.જે.એમ. વિલ્સન
48. મોહમદ ઈસ્માઈલ સાહેબ
49. કે.ટી.એમ. અહેમદ ઈબ્રાહીમ
50. મહેબૂબ અલી બેગ સાહેબ બહાદુર
51. બી. પોકર સાહેબ બહાદુર

**2. બોમ્બે સભ્યો**

1. બાલચંદ્ર માહેશ્વર ગુપ્તે
2. શ્રીમતી હંસા મેહતા
3. હરિ વિનાયક પાટસ્કર
4. બી.આર. આંબેડકર
5. જોસેફ અલ્બાન ડીસોઝા
6. કનૈયાલાલ નાનાભાઈ દેસાઈ
7. કેશવરાવ મારૂતિરાવ જેધે
8. ખંડુભાઈ કે. દેસાઈ
9. બાલગંગાધર ખેર
10. એમ.આર. મસાણી
11. કે.એમ. મુન્શી
12. નરહર વિશ્નુ ગાડગીલ
13. એસ. નિજલિંગપ્પા
14. એસ.કે. પાટીલ





15. રામચંદ્ર મનોહર નાલવડે
16. આર.આર. દિવાકર
17. શંકર રાવ દેવ
18. જી.વી. માવલંકર
19. વલ્લભાઈ પટેલ
20. અબ્દુલ કાદર મોહમ્મદ શેખ
21. એ.એ. ખાન

**3. પ. બંગાળ સભ્યો**

1. મનમોહન દાસ
2. અરૂણ ચંદ્ર ગુહા
3. લક્ષ્મી કાંત મિત્રા
4. મિહિર લાલ ચટ્ટોપધ્યાય
5. સતીષચંદ્ર સુમંત
6. સુરેશ ચંદ્ર મજુમદાર
7. ઉપેન્દ્ર નાથ બર્મન
8. પ્રભુદયાલ હિંમત સિંગકા
9. બસંત કુમાર દાસ
10. શ્રીમતી રેણુકા રાય
11. એચ.સી. મુખર્જી
12. સુરેન્દ્ર મોહન ઘોષ
13. શ્યામા પ્રસાદ મુખર્જી
14. અરિ બહાદુર ગુરંગ
15. આર.ઈ. પટેલ
16. કે.સી. નિયોગી
17. રાગિબ એહસાન

18. સોમનાથ લાહિરી
19. જસિમુદ્દીન એહમદ
20. નઝીરુદ્દીન એહમદ
21. અબ્દુલ હમીદ
22. અબ્દુલ હમીદ ગઝનવી

### 4. યુનાઈટેડ પ્રોવિન્સ સભ્યો (સંયુક્ત પ્રાંત)

1. અજીત પ્રસાદ જૈન
2. અલ્ગુરાય શાસ્ત્રી
3. બાલક્રિશ્ન શર્મા
4. બંસીધર મિશ્રા
5. ભગવાન દીન
6. દામોદર સ્વરૂપ શેઠ
7. દયાળ દાસ ભગત
8. ધરમ પ્રકાશ
9. એ. ધરમ દાસ
10. આર.વી. ધૂલેકર
11. ફિરોઝ ગાંધી
12. કૃષ્ણચંદ્ર શર્મા
13. ગોવિંદ વલ્લભ પંત
14. ગોવિંદ માલવિયા
15. હરગોવિંદ પંત
16. હરિહરનાથ શાસ્ત્રી
17. હૃદયનાથ કુંજરુ
18. જસપત રોય કપૂર





19. જગન્નાથ બક્ષ સિંઘ
20. જવાહરલાલ નહેરૂ
21. જોગેન્દ્ર સિંઘ
22. જુગલ કિશોર
23. જ્વાલા પ્રસાદ શ્રીવાસ્તવ
24. બી.વી. કેસકર
25. શ્રીમતી કમલા ચૌધરી
26. કમલાપતિ તિવારી
27. જે.બી. કૃપલાણી
28. મહાવીર ત્યાગી
29. ખુરશેદ લાલ
30. મસૂર્ય દિન
31. મોહનલાલ સક્સેના
32. પંદપત સિંઘાણિયા
33. ફૂલ સિંઘ
34. પારગીલાલ
35. શ્રીમતિ પૂર્ણિમા બેનર્જી
36. પુરૂષોત્તમ દાસ ટંડન
37. હીરા વલ્લભ ત્રિપાઠી
38. રામચંદ્ર ગુપ્તા
39. શિબ્બન લાલ સક્સેના
40. સતીષ ચંદ્ર
41. જ્હોન મથાઈ
42. શ્રીમતી સુચેતા કૃપલાણી
43. સુંદર લાલ

44. વેંકટેશ નારાયણ તિવારી
45. મોહનલાલ ગૌતમ
46. વિશ્વંભર દયાલ ત્રિપાઠી
47. વિષ્ણુ શરણ દબ્લિશ
48. બેગમ એઝાઝ રસૂલ
49. હૈદર હુસેન
50. હસરત મોહની
51 અબુલ કલામ આઝાદ
52. મુહમ્મદ ઈસ્માઈલ ખાન
53. રફી એહમદ કિદવાઈ
54. મોહંમદ હાફિઝુર રહેમાન

**5. પૂર્વ પંજાબ સભ્યો**

1. બક્ષી ટેકચંદ
2. જયરામ દાસ દોલતરામ
3. ઠાકુરદાસ ભાર્ગવ
4. બિક્રમ લાલ સોંધી
5. યશવંત રાય
6. રણબીર સિંઘ
7. અચિંત રામ
8. નંદલાલ
9. સરદાર બલ્દેવ સિંઘ
10. જ્ઞાની ગુરમુખ સિંઘ મુસાફિર
11. સરદાર હુકમ સિંઘ
12. સરદાર ભૂપિન્દર સિંઘ માન
13. સરદાર રતન સિંઘ લોહગર





**6. બિહાર સભ્યો**

1. અમિય કુમાર ઘોષ
2. અનુગ્રહ નારાયણ સિંહા
3. બનારસીપ્રસાદ ઝુનઝુનવાલા
4. ભગવતપ્રસાદ
5. બોનીફેસ લાકરા
6. બ્રજેશ્વર પ્રસાદ
7. ચંદિકા રામ
8. કે.ટી. શાહ
9. દેવેન્દ્ર નાથ સુમંત
10. દીપ નારાયણ સિંહા
11. ગુપ્તનાથ સિંઘ
12. જદુવંશ સહાય
13. જગત નારાયણ લાલ
14. જગજીવન રામ
15. જયપાલ સિંઘ
16. દરભંગાના કામેશ્વર સિંઘ
17. કમલેશ્વરી પ્રસાદ યાદવ
18. મહેશ પ્રસાદ સિંહા
19. કૃષ્ણ વલ્લભ સહાય
20. રઘુનંદન પ્રસાદ
21. રાજેન્દ્ર પ્રસાદ
22. રામેશ્વર પ્રસાદ સિંહા
23. રામનારાયણ સિંઘ
24. સચ્ચિદાનંદ સિંહા

25. સારંગધર સિંહા
26. સત્યનારાયણ સિંહા
27. બિનોદાનંદ ઝા
28. પી.કે. સેન
29. શ્રી ક્રિશ્ના સિંહા
30. શ્રીનારાયણ મહેતા
31. શ્યામનંદન સહાય
32. હુસૈન ઈમામ
33. સઈદ જાફર ઈમામ
34. લતીફુર રહેમાન
35. મોહમ્મદ તાહીર
36. તાજમુલ હુસૈન
37. ચૌધરી આબિદ હુસૈન
38. પંડિત હરગોવિંદ મિશ્રા

**7. સેન્ટ્રલ પ્રોવિન્સ (મધ્ય પ્રાંત)અને બેરાર — સભ્યો**

1. રઘુવીરા
2. રાજકુમારી અમૃત કૌર
3. બી.એ. મંડલોઇ
4. બ્રિજલાલ નંદલાલ બિયાણી
5. ઠાકુર છેદીલાલ
6. શેઠ ગોવિંદ દાસ
7. હરિ સિંઘ ગૌડ
8. હરિ વિશ્નુ કામથ
9. હેમચંદ્ર જગોબાજી ખાંડેકર





10. ઘનશ્યામ સીંગ ગુપ્તા
11. લક્ષ્મણ શ્રવણ ભાટકર
12. પંજાબરાવ શામરાવ દેશમુખ
13. રવિશંકર શુક્લ
14. આર.કે. સિધવા
15. શંકર ત્રંબક ધર્માધિકારી
16. ફ્રેંક એન્થની
17. કાઝી સૈયદ કરીમુદ્દીન
18. ગણપતરાવ દાણી

**8. આસામ — સભ્યો**

1. નિબારન ચંદ્ર લશ્કર
2. ધરણીધર બાસુ —માતારી
3. ગોપીનાથ બારડોલોઇ
4. જે.જે.એમ.નિકોલસ રોય
5. કુલાધાર ચલિહા
6. રોહિણી કુમાર ચૌધરી
7. મુહમ્મદ સઆદુલ્લા
8. અબ્દુલ રઉફ

**9. ઓરિસા — સભ્યો**

1. બી. દાસ
2. બિશ્વનાથ દાસ
3. કૃષ્ણ ચંદ્ર ગજપતિ
4. પર્લાકિમેડીના નારાયણરાવ
5. હરેકૃષ્ણ મેહતાબ
6. લક્ષ્મી નારાયણ સાહૂ

7. લોકનાથ મિશ્રા
8. નંદકિશોર દાસ
9. રાજકૃષ્ણ બોઝ
10. શાંતનુ કુમાર દાસ
11. યુધિષ્ઠિર મિશ્રા

**10. દિલ્હી સભ્ય**

1. દેશબંધુ ગુપ્તા

**11. અજમેર – મારવાડ સભ્ય**

1. મુકુલ બિહારીલાલા ભાર્ગવ

**12. કૂર્ગ સભ્ય**

1. સી.એમ. પુનાચા

**13. માયસોર સભ્ય**

1. કે.સી. રેડ્ડી
2. સિધ્ધલિંગૈયા
3. એચ.આર. ગુરુવ રેડ્ડી
4. એસ.વી. કૃષ્ણમૂર્તિ રાવ
5. કે. હનુમંતૈયા
6. એચ. સિધ્ધવીરપ્પા
7. ટી. ચાન્નીઆ

**14. જમ્મુ અને કાશ્મીર સભ્યો**

1. શેખ મોહમદ અબ્દુલ્લા
2. મોતીરામ બાઇગ્રા
3. મિર્ઝા મોહમ્મદ અફઝલ બેગ
4. મૌલાના મોહમ્મદ સૈયદ મસૂદી





**15. ત્રાવણકોર – કોચિન સભ્યો**

1. પટ્ટમ એ. થાનુ પિલ્લાઇ
2. આર. શંકર
3. પી.ટી. ચાકો.
4. પનામ પિલ્લઇ ગોવિંદા મેનન
5. એની મસ્કારેન
6. પી.એસ. નટરાજ પિલ્લઇ
7. કે.એ. મોહમ્મદ

**16. મધ્ય ભારત સભ્યો**

1. વિનાયક સીતારામ સરવતે
2. બ્રિજરાજ નારાયણ
3. ગોપીકૃષ્ણ વિજયવર્ગીય
4. રામસહાય
5. કુસુમ કાંત જૈન
6. રાધા વલ્લભ વિજયવર્ગીય
7. સીતારામ એસ. જાજુ

**17. સૌરાષ્ટ્ર સભ્યો**

1. બળવંતરાય ગોપાળજી મહેતા
2. જયસુખલાલ હાથી
3. અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર
4. ચિમનલાલ ચકુભાઇ શાહ
5. શામળદાસ લક્ષ્મીદાસ ગાંધી

**18. રાજસ્થાન સભ્યો**

1. વી.ટી. ક્રિશ્નમાચારી

2. હીરાલાલા શાસ્ત્રી
3. ક્ષેત્રીના સરદાર સિંઘજી
4. જશવંત સિંઘજી
5. રાજ બહાદુર
6. માણિક્ય લાલ વર્મા
7. ગોકુળ લાલ અસાવા
8. રામચંદ્ર ઉપાધ્યાય
9. બળવંત સિંહ મહેતા
10. દલેલ સિંઘ
11. જયનારાયણ વ્યાસ

**19. પતિયાળા અને પૂર્વ પંજાબ રાજ્યોનો સંઘ સભ્યો**

1. રણજીત સિંઘ
2. સચેત સિંઘ
3. ભગવંત રોય

**20. બોમ્બે રાજ્યો સભ્યો**

1. વિનાયક રાવ બાળશંકર વૈદ્ય
2. બી.એન. મુનાવલ્લિ
3. ગોકુળભાઇ દોલતરામ ભટ્ટ
4. જીવરાજ નારાયણ મહેતા
5. ગોપાળદાસ એ. દેસાઇ
6. પ્રાણલાલ ઠાકુરલાલ મુન્શી
7. બી.એચ. ખારડેકર
8. રત્નપ્પા બ્રહમપ્પા કુંભાર





**21. ઓરિસ્સા રાજ્યો સભ્યો**

1. લાલ મોહન પતિ
2. એન માધવરાવ
3. રાજ કુંવર
4. સારંગધર દાસ
5. યુધિષ્ઠિર મિશ્રા

**22. સેન્ટ્રલ પ્રોવિન્સ સ્ટેટ્સ સભ્યો (મધ્ય પ્રાંત રાજ્યો)**

1. આર.એલ. માલવિયા
2. કિશોરીમોહન ત્રિપાઠી
3. રામપ્રસાદ પોતાઇ

**23. યુનાઇટેડ પ્રોવિન્સ સ્ટેટ્સ સભ્યો (સંયુક્ત પ્રાંત રાજ્યો)**

1. બી.એચ. ઝૈદી
2. કૃષ્ણ સિંગ

**24. મદ્રાસ રાજ્યો સભ્ય**

1. વી. રામૈયા

**25. વિંધ્ય પ્રદેશ સભ્યો**

1. અવધેશ પ્રતાપ સિંગ
2. શંભુનાથ શુક્લા
3. રામ સહાય તિવારી
4. મન્નુલાલજી દ્વિવેદી

**26. કૂચ બિહાર સભ્ય**

1. હિંમત સિંહ કે. મહેશ્વરી

**27. ત્રિપુરા અને મણિપુર સભ્ય**

1. ગિરજાશંકર ગુહા

**28. ભોપાલ સભ્ય**


1. લાલ સિંઘ

**29. કચ્છ સભ્ય**

1. ભવાની અર્જુન ખીમજી

**30. હિમાચલ પ્રદેશ સભ્ય**

1. યશવંત સિંગ પરમાર



## લેખકનો પરિચય

- નામ : ગિરીશભાઈ સી. પટેલ
- જન્મ : 5, ડીસેમ્બર, 1932.
- શિક્ષણ : એલ.એલ.બી. ગોલ્ડ મેડલિસ્ટ (ગુજરાત યુનિવર્સિટી), 1954.
- એલ.એલ.એમ. (સ્કોલરશિપ સાથે). હાર્વર્ડ યુનિવર્સિટી, યુ.એસ.એ. 1962
- એલ.એલ.એમ. (સ્કોલરશિપ સાથે) હોલેન્ડ ઈન્ટરનેશનલ એકેડેમી 1963
- વ્યવસાય : અધ્યાપક- સીટી લૉ કોલેજ 1958
- આચાર્ય : ન્યૂ લૉ કોલેજ 1964
- સ્ટેટ લૉ કમિશન મેમ્બર 1972 થી 1975
- ગુજરાત યુનિવર્સિટી સિન્ડીકેટ સભ્ય 1974
- ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ તરીકેની પ્રેક્ટીસ 1975 થી હાલ સુધી
- સિનીયર હ્યુમન રાઈટ્સ એક્ટીવીસ્ટ યુ.એસ.એ. તરફથી ગ્રાન્ટ 1998
- ભગીરથ શાહ ફેલોશીપ – સુરત
- પ્રકાશિત પુસ્તકો : 1. Law, Society and Poverty.
- અંગ્રેજીમાંથી અનુવાદ: 1. Introduction to the Law of Constitution (મૂળ લેખક: Diecy)
  2. Modern Constitution (મૂળ લેખક: Strong)

(અનુ. ટાઈટલ - 3)

ટાઈટલ - **4થી ચાલુ**

- **કર્મશીલ તરીકે** : અમેરિકામાં વિવિધ કોન્ફરન્સીઝમાં માનવ અધિકાર વિશે વ્યાખ્યાનો.
- ગુજરાત તથા રાષ્ટ્રીયસ્તરે વિવિધ જનઆંદોલનોમાં સક્રિય ભૂમિકા.
- મહાગુજરાત આંદોલન 1956 થી 1960
- નવનિર્માણ આંદોલન 1974
- અનામત વિરોધી આંદોલનમાં દલિતો પક્ષે સક્રિયતા 1981
- નર્મદા બચાવો આંદોલન 1987 થી હાલ સુધી

આ ઉપરાંત, તંત્રીને પત્રો, વિવિધ સામયિકોમાં લેખો, વ્યાખ્યાનો આદિ.

માનવ અધિકાર ક્ષેત્રે વરિષ્ઠ કર્મશીલ.

# આધુનિકતા અને ભારતનું બંધારણ

લેખન

ગિરીશ પટેલ

•

પ્રકાશન

‘દર્શન’

અમદાવાદ

